રૅજ઼:/.હ્વકક્ષક્ષિહૈદ્વકક્ષીજ.ર્ષ્દ્વૌ/દ્વકક્ષીજ/હીુદ્વક્ષ/૦૨૧૦૨૦૨૨/૦૨૦૧૦૦૨૦૨૨-ક્રહૅક્ષિષૈક્ષીહંક્ષરકંકદ્વૅહીુજ૦૨૩૧૧૩૭૬૬.દ્વૅક્ષ

RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 348* Date: 15.10.2022, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### જ્ઞાનવાપી કેસ:હિન્દુ પક્ષને ઝટકો

# શિવલિંગની કાર્બન ડેટિંગની તપાસની માંગ કોર્ટે નકારી દીધી

વારાણસી,તા.૧૪

વારાણસીમાં કાશી વિશ્વનાથ મંદિર પાસે આવેલી જ્ઞાનવાપી મસ્જિદમાં મળેલા કથિત શિવલિંગની કાર્બન ડેટિંગની તપાસની માંગ નકારી દેવામાં આવી છે. શુક્રવારે જિલ્લા જજ ડો. અજય કૃષ્ણ વિશ્વેસની અદાલતમાં આ મામલા પર સુનાવણી થઈ હતી. મંગળવારે મુસ્લિમ પક્ષ તરફથી વિરોધ દાખલ કરવા અને તેના પર ચર્ચા બાદ કોર્ટે આદેશ સુરક્ષિત રાખ્યો હતો. શ્રૃગાંરગૌરી સહિત અન્ય વિગ્રહોના પૂજાના અધિકાર વાદ પર સુનાવણી દરમિયાન થયેલા સર્વેમાં જ્ઞાનવાપી મસ્જિદના વઝુખાનામાં શિવલિંગ જેવી આકૃતિ મળી હતી. તેની કાર્બન ડેટિંગ સહિત અન્ય વૈજ્ઞાનિક પદ્ધતિથી તપાસ કરાવવા માટે હિન્દુ પક્ષના પાંચમાંથી ચાર વાદીઓ તરફથી સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ હરિશંકર જૈન તથા વિષ્ણુ શંકર જૈન તરફથી પ્રાર્થના પત્ર આપવામાં આવ્યું હતું.

મુસ્લિમ પક્ષે કાર્બન ડેટિંગ તપાસ પર દાખલ વિવાદ પર મુખ્ય રૂપથી બે બિંદુઓ પર વિરોધ દાખલ કર્યો હતો. પહેલો વિરોધ તેના મૂળવાદને લઈને છે. તેનું કહેવું છે કે આ મામલો મૂળ વાદ સંબંધિત નથી. બીજો જેને શિવલિંગ ગણાવવામાં આવી રહ્યું છે, તે વઝુખાનામાં છે અને તેને સુપ્રીમ કોર્ટના આદેશ પર સીલ કરી દેવામાં આવ્યું છે. હિન્દુ પક્ષના પ્રાર્થના પત્રનો વિરોધ કરતા મુસ્લિમ પક્ષના વકીલે કહ્યું કે કોર્ટ કમીશન કાર્યવાહીમાં મળેલ શિવલિંજ જેવી આકૃતિના સંબંધમાં કોર્ટમાં દાખલ કાર્યવાહી રિપોર્ટના વિરોધમાં પણ અરજી દાખલ છે. જ્યાં સુધી આ



કમીશન રિપોર્ટના ગુણદોષના આધાર પર નિરાકરણ ન થઈ જાય ત્યાં સુધી કોઈ વૈજ્ઞાનિક સર્વેક્ષણ ન થઈ શકે.

મુસ્લિમ પક્ષના વાંધાના જવાબમાં વાદી એડવોકેટે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટના રક્ષણનો આદેશ શિવલિંગના આકારના સંદર્ભમાં નહીં પણ વિસ્તારના સંદર્ભમાં છે. કારણ કે એક વિષયની અલગ-અલગ વ્યાખ્યા કરવામાં આવી રહી છે તેથી તે સ્પષ્ટ થવુ જરૂરી છે. તેથી વૈજ્ઞાનિક સર્વેક્ષણ હોવું જરૂરી છે. તેથી વૈજ્ઞાનિક સર્વેક્ષણ કરાવવું એકદમ જરૂરી છે. વાદીના એડવોકેટે કોર્ટને મુસ્લિમ પક્ષના વાંધાને નકારી કાઢવા અને વૈજ્ઞાનિક તપાસનો આદેશ આપવા વિનંતી કરી હતી.મસાજિદ કમિટીએ કહ્યું- કથિત શિવલિંગની વૈજ્ઞાનિક તપાસની જરૂર નથી. હિંદુ પક્ષે તેના કેસમાં જ્ઞાનવાપીમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે દેવી-દેવતાઓની પૂજા કરવાની માંગ કરી છે. તો પછી શિવલિંગની તપાસની માંગ કેમ કરી રહ્યા છે...? હિંદુ પક્ષ જ્ઞાનવાપીમાં કમિશન તરફથી પુરાવા એકત્રિત કરવાની માંગ કરી રહ્યું છે. સિવિલ પ્રોસિજર કોડમાં આવી કોઈ જોગવાઈ નથી.૧૬મે, ૨૦૨૨ના રોજ એડવોકેટ કમિશનરના સર્વે દરમિયાન મળેલા આંકડા અંગે મૂંઝવણ છે. તે અંગેના વાંધાઓનું નિરાકરણ થયું નથી. ૧૭મે, ૨૦૨૨ના રોજ, સુપ્રીમ કોર્ટે આકૃતિ જ્યાં મળી છે તે સ્થાનને સુરક્ષિત કરવાનું કહ્યું છે. આવી સ્થિતિમાં, ત્યાં ખોદવું અથવા અલગથી કંઈપણ કરવું યોગ્ય રહેશે નહીં.

શ્રૃંગાર ગૌરી કેસની સુનાવણીની છેલ્લી તારીખ ૨૯ સપ્ટેમ્બર હતી. તે દિવસે વદિની સીતા સાહુ, લક્ષ્મી દેવી, રેખા પાઠક અને મંજુ વ્યાસ વતી એડવોકેટ હરિ શંકર જૈન અને વિષ્ણુ શંકર જૈન કોર્ટમાં હાજર થયા હતા. બંને વકીલોએ કહ્યું હતું કે ×જ્ઞાનવાપી સંકુલમાં મળેલા શિવલિંગ સાથે કોઈપણ રીતે ચેડાં ન થવા જોઈએ. જો કે, કાર્બન ડેટિંગ કે અન્ય કોઈ વૈજ્ઞાનિક પદ્ધતિથી મળેલા પુરાવાઓને ધ્યાનમાં રાખીને, એએસઆઈ દ્વારા શોધખોળ ખૂબ જ મહત્વપૂર્ણ છે કે જ્ઞાનવાપી મસ્જિદમાં મળેલું શિવલિંગ કેટલું જૂનું છે. શિવલિંગ અને તેની આસપાસના વિસ્તારની પણ તપાસ કરવી જરૂરી છે.

રાખી સિંહના વકીલ માન બહાદુર સિંહે તપાસ પર વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, જે શિવલિંગ મળ્યું છે, તેની કાર્બન ડેટિંગથી તે ખંડિત થઈ જશે. આપણા સનાતન હિંદુ ધર્મમાં ખંડિત મૂર્તિની પૂજા કરવામાં આવતી નથી. આથી શિવલિંગની કાર્બન ડેટિંગ ન થવી જોઈએ. તમામ પક્ષકારોને સાંભળ્યા બાદ જિલ્લા ન્યાયાધીશની કોર્ટે આગામી સુનાવણીની તારીખ ૭ ઓક્ટોબર નક્કી કરી હતી. રાખી સિંહે એડવોકેટ જિતેન્દ્ર સિંહ વિસિને ૩ ઓક્ટોબરે કહ્યું હતું- હિંદુ પક્ષની મહિલાઓ અલગ-અલગ કેસ લડે. તેમણે કહ્યું સીતા સાહૂ, મંજુ વ્યાસ, રેખા પાઠક અને લક્ષ્મી દેવી સંખ્યામાં વધુ છે. અમારા પક્ષમાં માત્ર રાખી સિંહ જ છે. આ વાતને ધ્યાનમાં લઈ તમે કોર્ટમાં અરજી કરી તમારો કેસ અલગ કરી શકો.

૧૮ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ વૈદિક સનાતન સંઘના પ્રમુખ જિતેન્દ્ર બિસેનના નેતૃત્વમાં દિલ્હીની રાખી સિંહ અને વારાણસીની સીતા સાહુ, મંજુ વ્યાસ, રેખા પાઠક અને લક્ષ્મી દેવીએ સિવિલ જજ સિનિયર ડિવિઝનની કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો.

પાંચેય મહિલાઓએ માગ કરી હતી કે, જ્ઞાનવાપી પરિસર સ્થિત મા શ્રૃંગાર ગૌરી મંદિરમાં નિયમીત દર્શન-પૂજનની અનુમતિ મળે. આ સાથે જ્ઞાનવાપી સંકુલમાં આવેલા અન્ય દેવી-દેવતાઓના રક્ષણ માટે સંપૂર્ણ વ્યવસ્થા કરવી જોઈએ. સ્થળની સ્થિતિ જાણવા માટે કમિશનની રચના કરતી વખતે કોર્ટે એડવોકેટ કમિશનરની નિમણૂક કરવા અને ૩ દિવસમાં દલીલ કરવાનો આદેશ આપ્યો હતો.આના વિરોધમાં અંજુમન ઈન્તેજામિયા મસ્જિદ કમિટીએ કહ્યું કે શ્રૃંગાર ગૌરી કેસ સુનાવણીને લાયક નથી. સુપ્રીમ કોર્ટના નિર્દેશો બાદ વારાણસીની જિલ્લા ન્યાયાધીશ કોર્ટે ચુકાદો આપ્યો કે શ્રૃંગાર ગૌરી કેસમાં સુનાવણી યોગ્ય છે.

# હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણી એક જ તબક્કામાં ૧૨ નવેમ્બરે યોજાશે,જ્યારે ૮ ડિસેમ્બરે પરિણામ જાહેર થશે

### ગુજરાતમાં મતદાનની તારીખ નવેમ્બરના છેલ્લા અને ડિસેમ્બરના પહેલા વીકમાં એમ બે તબક્કામાં આવી શકે છે

નવીદિલ્હી,તા.૧૪

ચૂંટણી પંચે આજે દિલ્હીના વિજ્ઞાન ભવનમાં પત્રકાર પરિષદ યોજીને હિમાચલ પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી છે. રાજ્યમાં ૧૨મી નવેમ્બરે ચૂંટણી યોજાશે અને એક જ ફેઝમાં મતદાન થશે. અત્રે જણાવવાનું કે હિમાચલ પ્રદેશ વિધાનસભાનો કાર્યકાળ ૮ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. ૨૦૧૭માં થયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે જીત મેળવી હતી.

આજે હિમાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરતા કેન્દ્રીય ચુંટણી કમિશ્નરે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે હિમાચલ પ્રદેશમાં એક જ તબક્કતામાં મતદાન કરવામાં આવશે. ૧૨ નવેમ્બરે મતદાન કરવામાં આવશે અને ૮ ડિસેમ્બરે મતગણતરી કરવામાં આવશે. આમ, હિમાચલ પ્રદેશ વિધાનસબા ચૂંટણીનું પરિણામ ૮ ડિસેમ્બરે ૨૬ દિવસના ગેપ વચ્ચે જ ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું મતદાન યોજાશે. હિમાચલ પ્રદેશ અને ગુજરાતની ચૂંટણીનું પરિણામ ૮ ડિસેમ્બરે એક જ દિવસે જાહેર થશે. સંભાવના એવી છે કે નવેમ્બરના અંતમાં એક તબક્કો અને ડિસેમ્બરની ૧થી ૫ તારીખ વચ્ચે બીજો તબક્કો એમ બે તબક્કામાં ગુજરાતમાં મતદાન થશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખ ૨૦ ઓક્ટોબર પછી જાહેર થાય એવી સંભાવના છે.

કેન્દ્રીય ચુંટણી કમિશ્નર રાજીવ કુમારે હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીનો સંપૂર્ણ કાર્યક્રમની વિગતો આપતાં જણાવ્યું હતું કે ચુંટણી માટે જાહેરનામુ- ૧૭ ઓક્ટોબર બહાર પાડવામાં આવશે ઉમેદવારીપત્રકો ૨૫ ઓક્ટોબર સુધી ભરી શકાશે જયારે મતદાન ૧૨ નવેમ્બરના રોજ યોજાશે જયારે મતગણતરી - ૮ ડિસેમ્બરે યોજાશે તેમણે કહ્યું હતું કે હિમાચલ પ્રદેશ વિધાનસભાની કુલ બેઠકો- ૬૮ છે તેમાં કુલ મતદારો- ૫૫ લાખ છે જેમાંથી ૧.૮૬ લાખ લોકો પ્રથમ વખત મતદાન કરશે તેમણે કહ્યું હતું કે ૮૦ વર્ષથી ઉપરના મતદારો સંખ્યા ૧.૨૨ લાખ છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે ઓક્ટોબર મહિનો તહેવારોનો મહિનો છે અને તેમાં પણ 'લોકશાહીનો તહેવાર' આવી રહ્યો છે. તેમણે કહ્યું કે ચૂંટણી પંચે છેલ્લા ઘણા મહિનાઓથી તૈયારીઓ કરી છે. કોરોના રોગચાળાને ધ્યાનમાં રાખીને તૈયારીઓ પણ કરવામાં આવી છે.

રાજીવ કુમારે કહ્યું કે મતદાર યાદીની પ્રસિદ્ધિ થઈ ગઈ છે. નવા મતદારો ઉમેરાયા છે. ભૂલો સુધારવામાં આવી છે. શહેરોમાં મતદાન વધારવા માટે માટે જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે તેમણે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીનું ઉદાહરણ પણ ટાંક્યું જ્યાં મેટ્રો શહેરોમાં મતદાન ઓછું હતું. મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે હિમાચલમાં કાર્યકાળ ૮ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. કુલ ૫૫ લાખ મતદારો છે. જેમાંથી ૧૫ લાખ મતદારો બેલેટ દ્વારા મતદાન કરશે. ૧.૬ લાખ મતદારો પ્રથમ વખત મતદાન કરશે.

ચૂંટણી પંચે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું કે ૮૦ વર્ષથી વધુ ઉંમરના, દિવ્યાંગ અથવા કોવિડ સંક્રમિત લોકો જે મતદાન કરવા માંગે છે પરંતુ મતદાન બુથ પર પણ ન આવી શકે, પંચ આવા મતદારોના ઘરે જઈને મતદાન કરવાની સુવિધા આપશે.મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું કે દરેક બૂથ પર રેમ્પની વ્યવસ્થા હશે. પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવશે.

દરેક બૂથ ગ્રાઉન્ડ ફ્લોર પર હશે.મતદારોને વધુમાં વધુ સુવિધાઓ આપવાનો પ્રયાસ કરવામાં આવશે. કેટલાક મતદાન મથક એવા હશે કે જેનું સંચાલન માત્ર મહિલાઓ જ કરશે. દરેક વિધાનસભામાંઓછામાં ઓછું એક એવું બૂથ હશે. તે મહિલા સશક્તિકરણનું પ્રદર્શન કરશે. કેટલાક મતદાન મથકોનું સંચાલન અલગ-અલગ-વિકલાંગ સ્ટાફ દ્વારા કરવામાં આવશે.

મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું કે વૃદ્ધો અને દિવ્યાંગ મતદારોને પોસ્ટલ બેલેટની સુવિધા પૂરી પાડવામાં આવશે. નિષ્પક્ષતાની ખાતરી કરવા માટે સમગ્ર પ્રક્રિયાની વીડિયોગ્રાફી કરવામાં આવશે. હિમાચલ પ્રદેશ વિધાનસભાનો કાર્યકાળ ૮ જાન્યુઆરી ૨૦૨૩ સુધી છે. અહીં લગભગ ૫૫ લાખ મતદારો છે. ચૂંટણી પંચ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે આવા ૧૧૮૪ મતદારો છે, જેમની ઉંમર સો વર્ષથી વધુ છે. કમિશને કહ્યું કે ચૂંટણી માટે નોટિફિકેશન ૧૭ ઓક્ટોબરે બહાર પાડવામાં આવશે.

# ઓમિક્રોનનો નવો વેરિઅન્ટ હાહાકાર મચાવશે : ભારતમાં ૪ રાજ્યમાં ૭૧ કેસ નોંધાતા ટેન્શન

નવીદિલ્હી,તા.૧૪

ભારતમાં ઓમીક્રોનના નવા એકસબીબી સબ-વેરિઅન્ટના અત્યાર સુધીમાં ૭૧ કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં એકસબીબી સબ-વેરિઅન્ટના ૫ કેસની પુષ્ટિ થઈ છે. આ પહેલા પશ્ચિમ બંગાળ, ઓડિશા અને તમિલનાડુમાં આ સબ-વેરિઅન્ટથી સંક્રમિત દર્દીઓ મળી આવ્યા છે. છેલ્લા ૧૫ દિવસના સમયગાળામાં ઓડિશામાં ૩૩ કેસ નોંધાયા છે, ત્યારબાદ બંગાળમાં ૧૭ અને તમિલનાડુમાં ૧૬ કેસ નોંધાયા છે. એકસબીબી ઓમિક્રોનના બીએ.૨.૭૫ અને બીજે.૧ વેરિઅન્ટના સંયોજનથી બનેલું છે. તે પહેલીવાર ઓગસ્ટમાં સિંગાપોર અને યુએસમાં ડિટેક્ટ થયો હતો.

વૈજ્ઞાનિકોનું માનવું છે કે, એકસબીબી સબ-વેરિઅન્ટ રોગપ્રતિકારક શક્તિને માત આપવામાં સક્ષમ છે, જો કે તે હજુ અસ્પષ્ટ છે કે શું આ વાયરસ ગંભીર બીમારીનું કારણ બને છે, જેનાથી સંક્રમિત થનારા દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડે છે.

રિપોર્ટ મુજબ, સિંગાપોરમાં કોરોના વાયરસના સંક્રમણના કેસોમાં વધારો નોંધાયો છે. જો કે, ત્યાંના આરોગ્ય મંત્રાલયે કહ્યું કે અત્યાર સુધી એવા કોઈ પુરાવા મળ્યા નથી કે એકસબીબી સબ-વેરિઅન્ટના પરિણામો ગંભીર છે. ભારતમાં જિનોમ સિક્વન્સિંગ સાથે સંકળાયેલા વૈજ્ઞાનિકોના મતે દેશના લગભગ ૮૮ ટકા નવા સંક્રમણ બીએ.૨.૭૫ વેરિઅન્ટના કારણે થયા, જયારે કુલ નવા કેસના લગભગ ૭ ટકા હિસ્સો જ એકસબીબી સબ-વેરિઅન્ટને કારણે હતો. તો સંક્રમણમાં બીએ.૫ વેરિઅન્ટનો હિસ્સો ૫ ટકા કરતા પણ ઓછો રહ્યો.

રિપોર્ટમાં મહારાષ્ટ્રના જીનોમ સિક્વન્સિંગના કોઓર્ડિનેટર ડૉ. રાજેશ કાર્યકર્તેએ લખ્યું છે, એકસબીબી એ ઓમિક્રોનનું હાઈબ્રિડ વર્ઝન છે. અમે મહારાષ્ટ્રમાં તેના પ્રસાર પર નજીકથી નજર રાખી રહ્યા છીએ. સિંગાપોરમાં એકસબીબી વર્તમાનમાં અન્ય તમામ ઓમિક્રોન સબ-વેરિએન્ટ પર પ્રભુત્વ ધરાવે છે. ઠમ્મ્ની વિશ્વના ઘણા ભાગોમાં પુષ્ટિ થઈ છે, પરંતુ સિંગાપોરમાં તેના કેસ ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે. ત્રણ અઠવાડિયાની અંદર આ સબ-વેરિઅન્ટ ત્યાંના તમામ દૈનિક કેસોમાંથી અડધાથી વધુ કેસ માટે જવાબદાર છે.'' સિંગાપુરના સ્વાસ્થ્ય મંત્રાલયએ કહ્યું કે, તેણે આ નવો વેરિઅન્ટ વધારે સંક્રામક હોવાનો અને સંક્રમિતોના મૃત્યુને લઈને સોશિયલ મીડિયા પર અફવાહ ફેલાવનારાઓ સામે કાર્યવાહી કરવાની શરૂ કરી દીધી છે. વોટ્સએપ દ્વારા ફેલાવવામાં આવતી અફવાઓ સામે ઓનલાઈન લાઈસ એન્ડ ફ્રોડ એક્ટ લાગુ કરવામાં આવી રહી છે. ૧૧ ઓક્ટોબરે સિંગાપોરમાં કોરોના વાયરસ સંક્રમણના ૧૧,૭૩૨ નવા કેસ નોંધાયા હતા. આમાં મોટા પ્રમાણમાં એકસબીબી વેરિઅન્ટ્સથી સંક્રમિત થનારાઓનો સમાવેશ થાય છે. સિંગાપોરના એમઓએચએ કહ્યું કે, છેલ્લા અઠવાડિયામાં સંક્રમણમાં ૨૨ ટકાનો વધારો થયો છે.

# દિલ્હીમાં ભવ્ય છઠ પૂજાની ઉજવણી માટે આપ સરકારે ૨૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે

નવીદિલ્હી,તા.૧૪

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે બિહાર અને પૂર્વ ઉત્તર પ્રદેશમાં ભારે લોકપ્રિય એવા તહેવારની ઉજવણીની સુવિધા માટે સરકારે રૂ. ૨૫ કરોડનું બજેટ મંજૂર કર્યું છે. આ વર્ષે ૨૮-૩૧ ઓક્ટોબરની વચ્ચે ઉજવવામાં આવનાર તહેવાર દરમિયાન લોકો સૂર્ય ભગવાનની પૂજા કરે છે. કેજરીવાલે કહ્યું કે દિલ્હી સરકાર એ સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરી રહી છે કે લોકો ભવ્ય રીતે ઉજવણી કરે.૬ ઓક્ટોબરે દિલ્હીના મહેસૂલ મંત્રી



કૈલાશ ગહલોતે રાષ્ટ્રીય રાજધાનીમાં છઠ પૂજાની તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજી હતી.બુરારીના ધારાસભ્ય સંજીવ ઝા, ડિવિઝનલ કમિશનર અને દિલ્હીના તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ બેઠકમાં હાજર રહ્યા હતા. મહેસૂલ મંત્રીએ વિભાગને સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે કે શ્રદ્ધાળુઓને કોઈ અગવડતાનો સામનો કરવો ન પડે.

તેમણે સંબંધિત અધિકારીઓને દિલ્હીમાં છઠ પૂજા ઉજવણીના તમામ ૧૧૦૦ સ્થળોનું સુચારૂ સંચાલન અને સંચાલન સુનિશ્ચિત કરવા પણ નિર્દેશ આપ્યો હતો. આ માટે સરકારે આ વર્ષે છઠ પર પ્રાર્થના કરવા માટે લાખો ભક્તોની સુવિધા માટે ૨૫ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

દિલ્હીમાં, મહેસૂલ વિભાગ સંપૂર્ણ ઉત્સવ સાથે સલામત, સુરક્ષિત અને પર્યાવરણને અનુકૂળ રીતે છઠ પૂજાની ઉજવણી માટે નોડલ વિભાગ છે. મહેસૂલ વિભાગ તંબુ અને ઈલેક્ટ્રિકલ વસ્તુઓ માટે જરૂરી વ્યવસ્થા કરશે; જેમ કે તંબુ, ખુરશીઓ, ટેબલ, લાઈટિંગ, સાઉન્ડ સિસ્ટમ, સીસીટીવી, એલઈડી સ્ક્રીન, પાવર બેકઅપ વગેરે તમામ ૧૧૦૦ પૂજા સ્થળો પર. વધુમાં, મહેસૂલ વિભાગ દિલ્હી સરકારના અન્ય વિભાગો સાથે સંકલનમાં અન્ય જરૂરી સુવિધાઓની જોગવાઈ સુનિશ્ચિત કરશે.દિલ્હી સરકારે ૨૦૧૪માં છઠ પૂજાની ઉજવણી ૬૯ સાઈટ્સથી વધારીને ૧૧૦૦ સાઈટ્સ કરી છે અને બજેટમાં ૨૦૧૪માં ૨.૫ કરોડથી દસ ગણો વધારો કર્યો છે.

# દુર્ગા પુજા વિસર્જન યાત્રા વિવાદ પર પ્રશાસન સખ્ત,ગેરકાયદેસર નિર્માણ હટાવવા નોટીસ મોકલી

સુલ્તાનપુર,તા.૧૪

ઉત્તરપ્રદેશના સુલ્તાનપુરમાં ૧૦ ઓકટોબરે દુર્ગા પુજા વિસર્જન યાત્રા દરમિયાન થયેલ વિવાદમાં પ્રશાસન શિકંજો કસવા જઇ રહ્યો છે જીલ્લા મજિસ્ટ્રેટે પાંચ લોકોને નોટિસ જારી કરી છે.સૌથી પહેલા આ વિવાદમાં સામેલ ૫૧ નામજોગ લોકો અને એક અજાણ્યા વિરૂધ્ધ ૧૭ ગંભીર ધારાઓમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે.જેમાંથી લગભગ ૩૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે હવે કાર્યવાહીને આગળ વધારતા પ્રશાસનિક ટીમે ઘટનાસ્થળની આસપાસ બનેલ મદરેસા અને ચાર અન્ય લોકોને ગેરકાયદેસર અતિક્રમણ હટાવવાની નોટીસ આપી છે.નોટિસ કાયદેસર તેમના મકાનની ઉપર લગાવવામાં આવી છે આ તમામને દંડ જમા કરાવવા અને જવાબ દાખલ કરવા માટે ત્રણ દિવસનો સમય આપવામાં આવ્યો છે જો આમ ન કરવા પર સખ્ય કાર્યવાહીનો સામનો કરવાની ચેતવણી આપવામાં આવી છે.

હકીકતમાં ગત સોમવારની રાતે બલ્દીરાય પોલીસ સ્ટેશન વિસ્તારના ઈબ્રાહીમમાં દુર્ગાપુજા વિસર્જન યાત્રા દરમિયાન ડીજે વગાડવાને લઇ બે સમુદાયો વચ્ચે અથડામણ થઇ હતી તેને લઇ ઉપ નિરીક્ષક રાકેશ ઓઝાએ કાર્યવાહી કરતા એફઆઈઆર દાખલ કરી હતી તેમણે આરોપ લગાવ્યો હતો કે ડઝનેક લોકોએ મૂર્તિ વિસર્જન દરમિયાન વિવાદ કરી પથ્થરમારો કર્યો હતો એટલું જ નહીં ત્યાં ઉભેલા વાહનોમાં આગ લગાવી ભારે હંગામો કર્યો હતો .હેમનાપુર ગામના રહેવાસી અક્ષરને ગેરકાયદેસર અતિક્રમણ હટાવવાની નોટીસ અને એક લાખ ૭૫ હજાર રૂપિયાનો દંડ ભરવાનો આદેશ આપવામાં આવ્યો છે આજ ગામના અઝમુદ્દીનને ગેરકાયદેસર દબાણો હટાવવાની સાથે બે લાખ ૧૬ હજારનો દંડ ભરવાનો આદેશ આપ્યો છે.

## તંત્રી સ્થાનેથી...

# આર્થિક મંદીમાં રાહત



દુનિયા આર્થિક મંદીની હાલતમાંથી પસાર થઈ રહી છે, જ્યારે ભારતની સ્થિતિ હજુ પણ તુલનાત્મક રૂપે સારી છે. આંતરરાષ્ટ્રીય મુદ્રાકોષે ભારતના જીડીપીનું અનુમાન ૭.૪ થી ઘટાડીને ૬.૮ ટકા કરી દીધું છે. હજુ ભારતના પડકારોમાં ફુગાવો, નાણાંકીય સ્થિતિ, યુક્રેન-રશિયા યુદ્ઘ અને કોવિડ મહામારીની અસર સામેલ છે. તે ઉપરાંત, રિપોર્ટમાં કહેવાયું છે કે ઊર્જા અને ખાદ્ય વસ્તુઓની કિંમતોને કારણે મોંઘવારી ચાલુ રહેશે. સખત મુદ્રા નીતિની અસર ઋણ પર પડી શકે છે. ભારતીય રિઝર્વ બેંક અને સરકાર ઘણી કોશિશ કરી રહી છે કે દુનિયામાં જ્યારે મંદીની અસર વધે ત્યારે ભારતમાં તેની ઓછામાં ઓછી અસર થાય. આપણી વિશાળ આબાદી અને તેમાં યુવાઓની મોટી ભૂમિકાને કારણે પણ આપણે મંદીથી અત્યાર સુધી બચતા રહ્યા છીએ. એ સુખદ વાત છે કે આપણા વિકાસ દરમાં અનુમાનિત ઘટાડા છતાં ભારત ૨૦૨૨ અને ૨૦૨૩માં સૌથી ઝડપથી વધતી મુખ્ય અર્થવ્યવસ્થાઓમાં એક હશે. ધ્યાન રહે, ૨૦૨૨માં ચીનનો વિકાસ દર ઘટીને ૩.૨ ટકા અને ૨૦૨૩માં ૪.૪ ટકા રહેવાનું અનુમાન છે. તે ઉપરાંત આંતરરાષ્ટ્રીય મુદ્રાકોષે સંકેત આપ્યા છે કે ચીનની અર્થવ્યવસ્થામાં અનિશ્ચિતતા રહેશે.

એ પણ ધ્યાન રહે કે ચીન સહિત દુનિયામાં સંપત્તિ બજાર પણ મુશ્કેલીમાં છે. આવાસ કે સંપત્તિ બજાર જ્યારે જ્યારે મુશ્કેલીમાં આવે છે, તેની સાથે જોડાયેલા ઓછામાં ઓછા ૧૦૦ પ્રકારના વ્યવસાયો પર અસર પડે છે. સંપત્તિ બજારના મોરચે ભારતમાં પણ થોડી અસર થશે, પરંતુ હાલત એટલી ખરાબ નહીં થાય. જોખમના પૂરતા આકલન બાદ આંતરરાષ્ટ્રીય મુદ્રાકોષે ૨૦૨૪માં ભારત માટે પૂર્વાનુમાનને ૬.૧ ટકા પર યથાવત રાખ્યું છે. એ પણ મહત્ત્વપૂર્ણ છે કે વિશ્વ બેંકે ગત સપ્તાહે ૨૦૨૨-૨૩ માટે ભારતના વિકાસના અનુમાનને ઘટાડીને ૬.૫ ટકા કરી દીધું છે, જ્યારે એશિયાઈ વિકાસ બેંક અને ભારતીય રિઝર્વ બેંકે અનુમાન ઘટાડીને ૭ ટકા કરી દીધું છે. મતલબ, જ્યારે વિશ્વમાં ૩.૨ ટકાના દરે વિકાસ થશે, ત્યારે પણ ભારતીય વિકાસ દર ડબલ રહેશે. શું આ આપણી અર્થવ્યવસ્થાની મજબૂતીનો સંકેત છે? વાસ્તવમાં સમગ્ર આકલનમાં ભારતની સ્થિતિ બહુ સારી છે અને ભારત ઝડપથી વિકાસ કરી રહ્યું છે, પરંતુ અહીં એક આબાદી એવી પણ છે જ્યાં સુધી વિકાસનો પૂરતો લાભ નથી પહોંચી રહ્યો. ભારતની અસલી ચિંતા એ જ છે. એવું ન થવું જોઈએ કે કોઈનો વિકાસ દર આકાશે આંબે અને કોઈનો વિકાસ દર નકારાત્મક થઈ જાય. વૈશ્વિક આર્થિક સંસ્થાઓના અનુમાનોને ધ્યાનમાં રાખતાં ભારતીય કર્ણધારોએ પોતાની આર્થિક નીતિ પર ધ્યાન આપવું જોઈએ. આપણી સફળતા એમાં નથી કે આપણે અનુમાનિત વિકાસ દર હાંસલ કરી લઈએ. ભારતની જરૂરિયાતો ઘણી વધારે છે અને ક્ષમતાને અનુરૂપ ભારત જો પ્રદર્શન કરે તો મુશ્કેલ સમયમાં દુનિયા માટે આદર્શ બની શકે છે.

# પ્રભુ પરમાત્મા ની અલૌકિક લીલા



પ્રભુ પરમાત્મા જયારે પોતાની અહૈતુકી કલ્યાણમયી દિવ્યલીલામાં સંલગ્ન થાય છે ત્યારે તે ઘરતી, બ્રહ્મજ્ઞાની,સાધુસંતો,ભકતો અને દેવતાઓના હિતાર્થે લૌકિક નરરૂપમાં સમય સમય પર અવતાર ઘારણ કરે છે.ભગવાન શ્રી કૃષ્ણ ગીતામાં કહે છે કે જયારે જયારે ધર્મની હાની થાય છે અને અધર્મની વૃધ્ધિ થાય છે ત્યારે ત્યારે હું પોતાના રૂપને સાકારરૂપે પ્રગટ કરૂં છું.સાધુ પુરૂષોની, ભક્તોની રક્ષા કરવા માટે,પાપ કરનારાઓનો વિનાશ કરવા માટે અને ધર્મની સમ્યક રીતે સ્થાપના કરવા માટે હું યુગે યુગે પ્રગટ થાઉં છું.

આ જ વાતને સ્પષ્ટ કરતાં ગોસ્વામી તુલસીદાસજી મહારાજ કહે છે કેઃ ભગત હેતુ ભગવાન પ્રભુ રામ ધરેઉં તનુ ભૂપ,કિયે ચરીત પાવન પરમ પ્રાકૃત નશ અનુરૂપ..સર્વ સાધારણને સમજાવવા માટે તેઓ સ્પષ્ટ રૂપે કહે છે કે પરબ્રહ્મનું લૌકિક અવતરણ તેમની અલૌકિક લીલાનું જ પરીણામ છે.હવે અહી સમજવાની વાત એ છે કે ધર્મની રક્ષા તથા દુષ્ટોના સંહાર માટે જે મનુષ્યરૂપ અથવા અન્ય રૂપોને પ્રભુ ધારણ કરે છે તે સ્વરૂપ કેવાં છે? તેમની સ્વાભાવિક લીલા કેવી હોય છે? તે લીલા કેવી રીતે થઇ રહી છે?

વસ્તુતઃ તે લીલાને કોઇ ચર્મચક્ષુથી કે દિવ્યદૃષ્ટિથી જોઇ શકતા નથી પરંતુ આત્મદૃષ્ટિથી જ જાણી શકાય છે.ભગવાને કોઇપણ રૂપ ધારણ કરીને તે જાગતિક લીલા કરી તે લીલાને ઘણાઓએ તે સમયે ચર્મચક્ષુઓથી જોઇ હતી તે પ્રસંગોને સદગ્રંથોમાં લખ્યા છે જેવા કેઃ ભગવાન વિષ્ણુના રૂપમાં દાનવોનો સંહાર કરવા માટે જે લીલા કરી તેનું વિસ્તૃત વર્ણન પુરાણોમાં મળે છે.ત્રેતાયુગમાં પુરૂષોત્તમ ભગવાન શ્રી રામની લીલાઓનું વર્ણન રામાયણમાં વર્ણવેલ છે.તેવી જ રીતે દ્રાપરયુગમાં ભગવાન શ્રી કૃષ્ણના રૂપમાં અવતાર લઇને જે લીલા કરી તેનું વર્ણન મહાભારત તથા શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં આવે છે પરંતુ સર્વકાળમાં અહર્નિશ પરમપિતા પરમાત્માની જે સ્વાભાવિક લીલાઓ થઇ રહી છે તેને કોઇ વિરલા વ્યક્તિઓ જ અથવા ઋષિમુનિઓ કે સંત મહાત્માઓ જ જાણે છે.

શ્રી રામચરીત માનસમાં ખૂબ જ મહત્વપૂર્ણ પ્રસંગ આવે છે કેઃભગવાન શ્રી રામ જયારે ચિત્રકૂટના જંગલમાં વાલ્મિકીજીના આશ્રમમાં પધારે છે ત્યારે વાલ્મિકી મુનિને ભગવાન શ્રી રામ પૂછે છે કે આ જંગલમાં એવું કોઇ સ્થાન બતાવો કે જ્યાં હું નિવાસ કરૂં ત્યારે મહર્ષિ વાલ્મિકીજી જવાબમાં પ્રશ્ન કરે છે કે આપ તે સ્થાન બતાવો કે જ્યાં આપ ના હો ! તો હું પણ આપને રહેવાનું સ્થાન બતાવું.

અહી સ્પષ્ટ થાય છે કે ભગવાન શ્રી રામ સ્વરૂપતઃ નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મ પરમાત્માનો અવતાર છે.મહર્ષિ વાલ્મિકીજી આ વાત સમજાવતાં કહે છે કે રામના સ્વરૂપને મન બુધ્ધિ વાણી અથવા ઇન્દ્રિયોથી જાણી શકાતું નથી.વેદ પણ તેના સબંધમાં નેતિ નેતિ કહીને પોકારે છે, તે રામ પોતાના સ્વરૂપથી સંસારની તમામ લીલાઓને જુવે છે તથા બ્રહ્મા-વિષ્ણુ અને શંકરને પણ તે નાચ નચાવે છે તે વાતને પ્રમાણિત કરતાં ગોસ્વામી તુલસીદાસજી કહે છે કે વાલ્મિકીજી કહે છે કેઃ હે રામ..! આપના સ્વરૂપને ત્રિદેવ પણ જાણી શકતા નથી તો પછી અન્ય લોકો આપને કેવી રીતે જાણી શકે..? આપના સ્વરૂપને તે જ જાણી શકે છે જેને આપ સ્વયમ જણાવી દો છો અને આમ જે આપને તત્વથી જાણી લે છે તે આપને જાણીને આપથી નિર્ભેદ બની જાય છે.

સોઇ જાનઇ જેહિ દેહું જનાઇ,જાનત તુમ્હહિ તુમ્હઇ હોઇ જાઇ..ભગવાનના વ્યક્તરૂપને જાણીને કોઇ નિર્ભેદ બની શકતા નથી પરંતુ મોહિત થઇ જાય છે.રામાયણમાં અનેક સ્થાનો પર તેનું વર્ણન છે.ભગવાન શંકરની સમક્ષ સતીને મોહ થાય છે.નારદજી જેવા ઋષિશ્રેષ્ઠ પણ મોહિત થાય છે.લંકામાં ભગવાનને નાગપાશમાં બંધાયેલા જોઇને ગરૂડજીને પણ મોહ થાય છે પરંતુ ગોસ્વામી તુલસીદાસજી સ્પષ્ટ કહે છે કે ભગવાન રામનું સ્વરૂપ ચિદાનંદરૂપ છે નિર્મલ છે નિરાકાર છે સર્વવ્યાપક છે નિત્ય અને અવિનાશી છે ત્યાં મોહ નથી.

ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે કે જયાં મારૂં પરમઘામ છે તેને સૂર્ય ચંદ્ર કે અગ્નિ પણ પ્રકાશિત કરી શકતાં નથી અને જેને પ્રાપ્ત થઇને જીવ ફરીથી સંસારમાં આવતો નથી તે જ મારૂં પરમધામ છે.

ગુરૂ નાનકદેવજી મહારાજ પ્રભુ પરમાત્માના સ્વરૂપના વિશે કહે છે કે પરમાત્મા અલખ છે,અપાર છે, ઇન્દ્રિયગ્રાહય નથી,ત્યાં કાળ કે કર્મ નથી,કોઇ જાતિ કે યોનિ નથી.આવા પરમાત્મા ઉપર પોતાને ન્યોછાવર કરો.આ રામ સર્વવ્યાપી એટલે કે સર્વમાં રમણ કરનાર સર્વશકિમાન છે.જે પ્રભુ જડને ચેતન અને ચેતનને જડ બનાવી શકે છે તેમના સ્વરૂપને અને તેમની અલૌકિક લીલાને સર્વ સાઘારણ માનવ જાણી શકતા નથી એટલે ઉપનિષદમાં કહયું છે કે પરમાત્મા ઘણા બઘા ગ્રંન્થોના અધ્યયનથી કે પ્રવચનથી અથવા ઘણું બઘું સાંભળવાથી પ્રાપ્ત થતા નથી એટલે કે આ આત્મા વેદાધ્યથન દ્વારા પ્રાપ્ત થઇ શકતા નથી અને ઘારણા શકિત કે અઘિક શ્રવણથી પણ પ્રાપ્ત થઇ શકતા નથી.ગુરૂદેવ નિરંકારી બાબા પોતાના પ્રસિધ્ઘ પુસ્તક અવતારવાણીમાં કહે છે કે રંગ રૂપ આકારથી ન્યારા મન બુધ્ધિ ચિંતનથી પર છો તમને કોટિ પ્રણામ કરૂં..

ગોસ્વામી તુલસીદાસજી મહારાજ રામચરીતમાનસમાં પ્રભુની આ લીલાનું વર્ણન કરતાં કહે છે.. બિનુ પદ ચલઇ સુનઇ બિનુ કાના,કર બિનુ કરમ કરઇ વિઘિ નાના,આનન રહિત સકલ રસ ભોગી, બિનુ બાની વકતા બડ જોગી,તન બિનુ પરસ નયન બિનુ દેખા,ગ્રહઇ ઘ્રાણ બિનુ બાસ અસેષા, અસિ સબ ભ્રાંન્તિ અલૌકિક કરની,મહિમા જાસુ જાઇ નહિં બરની.આ બ્રહ્મ પગ વિના ચાલે છે,કાન વિના સાંભળે છે,હાથ વિના અનેક પ્રકારના કામો કરે છે,જીભ વિના બધા જ (છ એ છ) રસોનો આનંદ લે છે અને વાણી વિના પણ ઘણો મોટો વક્તા અને મહાન યોગી છે.તે શરીર(ત્વચા) વિના સ્પર્શ કરે છે,આંખો વિના જોઇ શકો છે અને નાક વિના જ બધી જાતની ગંધ પારખે છે(સૂંઘે છે).આવા બ્રહ્મની કરણી એવી અદભૂત અને બધી રીતે અલૌકિક છે કે જેનો મહિમા વર્ણવી શકવાનું ગજું આપણું નથી.

આમ તો ભગવાનના વિરાટરૂપનાં દર્શન વર્ણન સાઘારણ દ્રષ્ટિથી થઇ શકતાં નથી.ભગવાન શ્રીકૃષ્ણ જયારે મહાભારતના યુધ્ઘના મેદાનમાં અર્જુનને વિરાટરૂપનાં દર્શન કરાવે છે ત્યારે સ્પષ્ટરૂપમાં કહે છે કે મને તું પોતાનાં આ પ્રાકૃત નેત્રો દ્વારા જોવામાં નિઃસંદેહ સમર્થ નથી એટલે હું તને દિવ્ય અર્થાત્ અલૌકિક ચક્ષુ પ્રદાન કરૂં છુ જેનાથી તું મારી ઇશ્વરીય યોગશકિતને જો.આ જ તો પ્રભુની અલૌકિક લીલા છે જેમાં તે પોતાના ભકતને સ્વ-સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે પોતે જ તેનો સુગમ માર્ગ બતાવે છે.માર્ગ જ નહી પરંતુ સ્વતઃ તેને પોતાના પરમઘામમાં ખેંચી લાવે છે.દિવ્યદ્રષ્ટિની પ્રાપ્તિ કેવી રીતે થાય છે? તેના માટે ગોસ્વામી તુલસીદાસજી મહારાજ ગુરૂ રૂપનું (પ્રભુ પરમાત્માનું) ઘ્યા?નનું માઘ્યમ બતાવે છે.આ પ્રકારનું ઘ્યાન કરવાથી જ દિવ્યદ્રષ્ટિની પ્રાપ્તિ થાય છે. દિવ્યદ્રષ્ટિની પ્રાપ્તિમાં અંતઃપ્રકાશ હોય છે.જેનાથી મોહરૂપી અંઘકારનો વિનાશ થાય છે અને સંસારના તમામ દોષ દુઃખ દુર થઇ જાય છે એ જ ભગવાન શ્રી રામની ગુપ્ત અથવા પ્રગટ લીલા જોઇ શકે છે.ભગવાનની આ લીલા ભલે પહાડોમાં જંગલોમાં પૃથ્વી પર કે અંતરમાં કેમ ના થાય ! એટલે પ્રભુ પરમાત્માની દિવ્ય અને અલૌકિક લીલા જોવા માટે સ્થૂળ અને સુક્ષ્મ બંને પ્રકારની ઉપાસના કરવી જોઇએ. સગુણરૂપ ઉપાસના અને અરૂપ નિર્ગુણ નિરાકારની ઉપાસના કરીને પરમાત્માની અલૌકિક લીલાને જાણી શકાય છે આવો ઋષિઓ અને સંતોનો મત છે.

વિનોદભાઇ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ગાંધીનગર જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણમેળો આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં કોબા ખાતે યોજાયો





ગાંધીનગર : શુક્રવાર :

ગરીબ કલ્યાણ મેળાનું આયોજન છેવાડાના માનવી અને સાચા લાભાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓની સાધન-સહાય હાથોહાથ આપવા માટે કરવામાં આવે છે એમ આજે ગાંધીનગર જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું હતું. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ઇ-માધ્યમથી દાહોદ ખાતેથી ગાંધીનગર જિલ્લાકક્ષાના ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓને સંબોધન કર્યું હતું.આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે પ્રેક્ષા વિશ્વ ભારતી, કોબા ખાતે જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળાનો આરંભ દીપ પ્રાગટ્ય કરીને કરાવવામાં આવ્યો હતો. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે આ પ્રસંગે કહ્યું હતું કે, આ મેળાનો આરંભ દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦માં કરવામાં આવ્યો હતો. ભૂતકાળમાં સરકારની અનેક યોજનાઓના લાભ સાચા લાભાર્થીઓ સુધી પહોંચી શકતા ન હતા. વચેટીયાઓ મારફતે વિવિધ યોજનાઓના લાભો પહોંચતા હતા. કેટલાક લાભો તો માત્ર કાગળ પર જ મળતા હતા. ગરીબ કલ્યાણ મેળા થકી વચેટિયાઓ દૂર થયા છે. રાજ્ય સરકારની વિવિધ સહાય યોજનાઓનો લાભ સાચા અને જરૂરિયાતમંદ લાભાર્થીઓને સીધો જ મળી રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, કોઈપણ વ્યક્તિને જીવનમાં ગરીબ રહેવાની ઈચ્છા હોતી નથી, તેમને રોજગારી અને વ્યવસાય માટે થોડીક સાધન-સહાયની જ જરૂરિયાત હોય છે. આવી વ્યક્તિઓને થોડીક સહાય મળી રહે તો તેઓ આત્મનિર્ભર બની સન્માનભેર જીવન વિતાવી શકે છે. છેલ્લા એક દાયકાથી વધુ સમયથી યોજાતા ગરીબ કલ્યાણ મેળા થકી રાજ્યમાં અનેક ગરીબ પરિવારો સન્માનભેર જીવન જીવી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, આ સરકારના શાસનમાં ગ્રામ્ય કક્ષાએ ૨૪ કલાક વીજળીની સુવિધાઓ મળી રહી છે. તેમજ મધ્યમ અને ગરીબ પરિવારોને પણ આરોગ્ય સુરક્ષા કવચરૂપ આયુષ્યમાન કાર્ડ આપવામાં આવી રહ્યું છે. રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળા થકી અત્યાર સુધીમાં ૧ કરોડ કરતાં વધુ લાભાર્થીઓને રૂ. ૩૪ હજાર કરોડના લાભો સાચા લાભાર્થીઓને હાથોહાથ આપવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતીઓ ખમીરવંતા છે, એટલે જ ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. ગુજરાતનો આવનારો સમય સુવર્ણ બનશે તેવો આત્મવિશ્વાસ વ્યક્ત કરીને મંત્રીશ્રીએ દેશને વિશ્વગુરુ બને તે દિશામાં આ સરકારે સુચારુ આયોજન કર્યા છે એમ કહ્યું હતું.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી બી.કે પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળા થકી આજે ૧૦૫૧ લાભાર્થીઓને ૧૪ વિભાગની વિવિધ સહાય યોજનાઓની રૂપિયા ૧ કરોડ, ૬૧ લાખની સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે વિવિધ સહાય યોજનાઓના લાભ મેળવનાર લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. મંત્રીશ્રીએ વિવિધ વિભાગના સ્ટોલ્સની મુલાકાત લઇ લાભ લેનાર લાભાર્થીઓના પ્રતિભાવ તેમના સ્વમુખે સાંભળ્યા હતા. તેમણે મતદાન જાગૃતિના સેલ્ફી પોઇન્ટ ખાતે ફોટો પડાવી મતદાન જાગૃતિનો સંદેશ પણ આપ્યો હતો.

આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખશ્રી દિલીપભાઈ પટેલ, દહેગામના ધારાસભ્ય શ્રી બાલરાજસિંહ ચૌહાણ, ગાંધીનગર જિલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રી ગુણવંતસિંહ ચાવડા, મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેષભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જશવંતભાઈ પટેલ, કલોલ નગરપાલિકા પ્રમુખ શ્રી ઉર્વશીબેન પટેલ, માણસા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી ભીખાભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લાના ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ જિલ્લાના પદાધિકારીઓ, જિલ્લા કલેક્ટર શ્રી સુરભી ગૌત્તમ સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાહુલ ગાંધીએ પાણીની ટાંકી પર ચઢીને તિરંગો લહેરાવ્યોઃકન્નડ ભાષાનું સન્માન કરવું જોઈએ

બેંગ્લુરૂ,તા.૧૪

કર્ણાટકમાં ભારત જોડો યાત્રા દરમિયાન રાહુલ ગાંધીએ પાણીની ટાંકી પર ચઢીને દેશનો ત્રિરંગો લહેરાવ્યો હતો. આ દરમિયાન તેમની સાથે પૂર્વ સીએમ સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમાર પણ હાજર હતા. જનતાને સંબોધતા રાહુલે કહ્યું કે કન્નડ ભાષાનું સન્માન કરવું જોઈએ. ભારત જોડી યાત્રા ૭ સપ્ટેમ્બરના રોજ કન્યાકુમારીથી શરૂ થઈ હતી. હવે તે કર્ણાટકના ચિત્રદુર્ગ જિલ્લામાં પહોંચી ગયો છે. ગુરુવારે તેનો ૩૬મો દિવસ હતો. રાહુલ ૧૨ રાજ્યોનો પ્રવાસ કરીને કાશ્મીર જશે. અત્યાર સુધીમાં તેણે ૯૨૫ કિમીનો પ્રવાસ કર્યો છે.

રાહુલ ગાંધી ચિત્રદુર્ગમાં એક જગ્યાએથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે પાણીની ટાંકીમાં પાર્ટીના બેનર અને ઝંડા જોયા. તેઓ પાણીની ટાંકી પર ચઢવા લાગ્યા. આ પછી ઘણા કાર્યકરો પણ તેમની પાછળ આવ્યા. રાહુલે ટાંકી પર ચઢીને ત્રિરંગો ફરકાવ્યો હતો. ચિત્રાદુર્ગમાં ભારત જોડો યાત્રા દરમિયાન રાહુલ ગાંધી સાથે પાર્ટીના નેતા ડીકે શિવકુમાર પણ હાજર હતા.

કન્નડના વિવાદ વચ્ચે રાહુલ ગાંધીએ કહ્યું કે ભાજપ અને આરએસએસને લાગે છે કે તેઓ કર્ણાટકના ઈતિહાસ પર હુમલો કરી શકે છે. પરંતુ જો કોઈ આવું કરશે તો તેમને કોંગ્રેસ પાર્ટીના પૂરી તાકાતનો સામનો કરવો પડશે.

રાહુલે વધુમાં કહ્યું કે ભાજપ કન્નડને સેકન્ડરી ભાષા માને છે. તેનું સન્માન કરવા માંગતા નથી, પરંતુ કોંગ્રેસ માટે આ ભાષા પણ પ્રાથમિક છે.

જો કર્ણાટકના લોકો કન્નડ બોલવા માંગતા હોય, કેરળના લોકો મલયાલમ બોલવા માંગતા હોય અને તમિલનાડુના લોકો તમિલ બોલવા માંગતા હોય તો તેમને સ્વતંત્રતા હોવી જોઈએ.

આ યાત્રાનો કોન્સ્પ્ટ મહાત્મા ગાંધીની 'દાંડી માર્ચ' પરથી લેવામાં આવ્યો છે. તેની જવાબદારી દિગ્વિજય સિંહને સોંપવામાં આવી હતી.

ચહેરા પર ચહેરા ને પાછા ચહેરા,
પાછા ચહેરા પર માસ્કના પહેરા.
સાત ભવ-સાત ફેરાની વાત છોડ
એકાદ ભવ માટે લઉં સાત ફેરા.
સનમના ચાલો ચુમી લઈએ ચહેરા
સનમ જો લગ્નના બાંધે સહેરા
તમારી અરજ કાજે આટલો ઘોંઘાટ,
ભગવાનને સમજો છો સાવ બહેરા ?
સખીમાં હવે લૂંટી જવા જેવું છે કાંઈ?
તો કેમ છે સખી પર મુશ્કેટાટ પહેરા?
ભરત વૈષ્ણવ
૧૪.૧૦.૨૦૨૨.# કવિતા

# ચાલુ ફંકશને લાઇટ ગઇ ન હતી.જાણીજોઇને બંઘ કરી હતી - લાઇટ ગોઇંગ મોરચાના હોદ્દેદારનો દાવો!!!

"હાય,હાય! આવો ભગો ?" એક મહિલા કાર્યકરે ઠુઠવો મુકયો .માનો કે નજીકના સ્વજનનું નિધન થયું ન હોય!

" આવું તો કદી જોયું નથી. પાર્ટીમાં પચાસ વરસથી કાર્યકર છું, ખુરશીઓ ગોઠવી, ઝંડાઓ લગાવવા, પાથરણા પાથર્યા ,આંદોલનમાં પોલીસના ડંડા ખાવા,ઘરે જઇ બામ બરડામાં લગાવવામાં જીંદગી વીતી ગઇ. સંસદ/ વિધાનસભા તે સમજ્યા . પણ ગામ પંચાયતના વોર્ડના ડેલિગેટની ચૂંટણી લડવા ટિકિટ ન મળી!! અરે શોભાના ગાંઠિયા જેવા પેજ પ્રમુખ બનવા પણ ન મળ્યું!! નહીતર પેજ પ્રમુખનું લેટરપેડ-વિઝિટિંગ કાર્ડ બનાવી શકીએ." બીજો દુણાયેલો કોહિનુક કાર્યકર બોલ્યો." ભાઇ આપણા બધાની આવી જ કહાણી અને કમાણી છે. ઔરત તેરી યહી કહાની, આંચલમાં પાની જેવી સ્ટોરી છે. પાર્ટી માટે જેટલો ભોગ દીધો એટલો ભોગ કોઇ ધંધા- પાણીમાં આપ્યો હોત તો બિઝનેસમાં ટોપ પર હોત!! અહીં દળી દળીને ઢાંકણીમાં ઉઘરાવ્યું . ફૂલણજી કાગડા જેમ ફુલાયા અને હવે દુભાયા. બહારથી આવતા નેતાને રેડ કાર્પેટ પાથરે છે અને સીડી ચડવાના બદલે સતાની લિફ્ટમાં આગળ સડસડાટ નીકળી જાય છે.ત્રીજાએ જીવનની નિષ્ફળતાનો નિચોડ વર્ણવ્યો!!

" ગઇ કાલે ભારે થઇ. મોટા નેતાઓની હવા નીકળી ગઇ. આવી રેવડી દાણાદાણ ક્યારેય થઇ નહીં હોય.મંડપ, ડેકોરેશન, માઇક-ડીજેવર્ગ્રી પૈસા પડી ગયા!! કરોડો રૂપિયાના કોન્ટ્રાકટ મામકા-પાંડવાને આપ્યા હોય!! હવે ફરિયાદ પણ કોને કરે??ચોરની મા કોઠીમાં માોં ઘાલી રૂએ!! કોન્ટ્રાકટની કોઠી વિછળતા કમિશનનો કાદવ જ નીકળે "" અસંતુષ્ટ કેટેગરીના કોહિનૂરે હીરાએ કકળાટ કર્યો!!

આપણે કાર્યકર્મ કર્યો. ટ્રાન્સફોર્મર, જનરેટર વગેરેનો સોલિડ બંદોબસ્ત કર્યો.પણ દશેરાના દિવસે ઘોડું ન દોડ્યું.ટટુ કે ગધેડું પણ ન દોડ્યું!! લોકો માટે બસો ભાડે કરી. કવર અને ફૂડપેકેટ, પાણીની વ્યવસ્થા કરી.લોકોને નાકલીટી તાણી, આજીજી કરી, કાકલૂદી કરી . પણ લોકો ન આવ્યા.આપણો કેટલો ફજેતો થયો!( ફજેતીનો બાપ ફજેતો? કહેવાય!!)" એક ચાંપલાએ ડહાપણ ડોળ્યું!!

" પણ સાહેબ ચાલુ ભાષણે લાઇટ જાય તે સાલું નવાઇ કહેવાય. આપણા લીધે બીજાની લાઇટ જાય, ડિમલાઇટ થાય, બલ્બ ઉડી જાય તે સમજાય. પણ આપણા કોઇ ગેમ કરી જાય, વાટ લગાડી જાય?? સાલ્લું આપણા વળતા પાઈ થયા કે શું?? સામેવાળાઓનો ભરોસો કરવા જેવો નથી. જીઇબીના હેલ્પરની હથેળી ગરમ કરી આપણી લાઇફલાઇન ડીચકાવી કે શું? વફાદાર કાર્યકરે ષટયંત્રની આશંકા વ્યક્ત કરી." શું માયકાંગલા જેવું બોલો છો? શુભ શુભ બોલો??આમાં કોઇ કાવતરું બાવતરું નથી.આ આપણા મહાન પક્ષની સ્ટ્રેટેજી છે."એક ચશ્મિશ અભ્યાસુએ ઘટસ્ફોટ કર્યો!!

"શું વાત છે? શું સ્ટ્રેટેજી છે?? જરા વિગતે સમજાવશો??" એક ખણખોદિયા કાર્યકરે સસલાની માફક કાન સરવા કરી પૂછ્યું.

" જો બકા, માનવ સંસ્કૃતિનો વિકાસ-ઉત્ક્રાંતિ આપણે સતા પર આવ્યા ત્યારથી થઇ. એ પહેલાં ડાર્કેસ્ટ એરા હતા. લાઇટ, પાણી, રસ્તા, પુલો, ઉધ્યોગો કાંઇ કરતાં કાંઇ હતું જ નહીં. માત્ર વસ્તી વધારા, ગરીબી , બેરોજગારી, અસ્વચ્છતા વધારા યુગ હતો. એ સમયે વીજળી કાસમ તારી વીજળી વેરણ થઇ ગીત મુજબ વેરણ બનતી. અંધારે રાતના ભોજન કરતા, બપોરે ગરમીમાં મકાઇ ડોડાની માફક શેકાતા હતા. એ બધું પ્રજાને યાદ કરાવવા , અહેસાસ કરાવવા આપણે જાણી જોઇને લાઇટ બંધ કરાવી હતી!!! લાઇટ જાતે ગઇ ન હતી!!" લાઇટ ગોઇંગ મોરચાના હોદ્દેદારે જાણકારી આપી.

" આ મિડીયા પીપલ તો જુદો બખાળો કરે છે!!! મિડીયાને શું કહેવું??" મિડીયાથી દુભાયેલા માજી મંત્રીએ બળાપો કાઢ્યો!!

" સાહેબ મિડીયાને રવાડે ચડાવી, પ્રજામાં ઉન્માદ ફેલાવી આપણે ચૂંટણીમાં આપણો ઉલ્લુ સીધો કર્યો છે!!" શાણા કાર્યકરે શાણપટી દેખાડી.

ચાલો સૌ ચાની કીટલીએ કટિંગ ચા અને ખારી લઈને છૂટા પડીએ. સૌ છૂટા પડયા!!

ભરત વૈષ્ણવ,
૧૪.૧૦.૨૦૨૨.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



*NOG SS NO:004*
વિષય: સુગંધ
પ્રકાર: પદ્ય
શબ્દો:૧૫૭
શીર્ષક : મહેક ફોરમ ને સુગંધ
ફૂલો ખીલ્યાં બાગમાં ને ખર્યા ધરા પર,
તેની મહેક ચંચળ બની આકર્ષી ગઈ ,
ખીલવું ને ખરવું મનને કરી ગયું સજગ,
શું આ જ જીવન છે ઈશનું મહેકવું?
દૂરથી આવતી મીઠી ગુલાબની ફોરમ,
ખેંચી લાવી પ્રેમી ને પ્રેમિકાને સમીપ,
દિલ ખોલે તે પહેલા જ શૂળ ભોંકાયું,
બગીચો પડ્યો સૂમસામ ને રડી હવા.
ન આમંત્ર્યું નયનોએ સુગંધનું આવવું,
સ્વીકાર્યું તેણે તે કડવી હવાનું ઝહેર,
મરી ગયું મહેક ફોરમ ને સુગંધનું સ્વપ્ન!
જીવન તણાં તાણાંવાણાં આ કેમ સમજાય?
દરેક માનવી ખેંચાય વીજની ચમકથી ,
વિશાળ આકાશ પણ રડે એ ડણકથી,
ભીની માટી તણી સુગંધે હૈયે ખુશી,
ન ગમે તોયે પ્રેમની સુગંધની અતિવૃષ્ટિ!
ચાલ્યો આવે આ જ વ્યવહાર ને હેત,
મુઠ્ઠી બંધ હતી બાળની પકડી આંગળી,
સંબંધની સુગંધ ભળી બન્યું એક કુટુંબ ,
ખર્યું ગુલાબ એક ને સુગંધ ભળી માટીમાં.
કેવી સુગંધ ક્યાં ભળી ? અંત આવે,
બધું વિસરાય અને સાથ છૂટે સર્વનો.
જયશ્રી પટેલ
૧૪/૧૦/૨૨

---

NOG SS NO : 0089
વિષય સુગંધ
પદ્ય
શીર્ષક મીઠું ગાણું
————-
સુગંધ તારું આકર્ષણ એવું
કેમ તારાથી અળગું રહેવું
આંખ મુંદી ખેંચાઈ આવું
ન મળ્યું તારું સરનામું
મળે તને સંદેશો પાઠવું
મિત્રતા કાજે હાથ લંબાવું
તારી માફક દિલ બહેલાવું
સહુના મન મંદિર મહેકાવું
વીજળી ઝબકારે ના અંજાઉં
નાના બાળની જેમ ખેંચાઉં
ભક્તિ રસનો રાસ રચાવું
ગુલાબ મોગરો તારું ઠેકાણું
કાનાને માળા કરી પહેરાવું
પ્રથમ વર્ષા ધરતીમાં જાણું
તારી પાછળ ચાલી નીકળું
ફિલ્મોની ફોરમમાં તને ભાળું
સુહાનો સાથી વાયરો જાણું
"સુગંધ" તને માણુંને પિછાણું
હરદમ ગાઉં મીઠું ગાણું
પ્રવિણા કડકિઆ

---

NOG NO.S.S. 0059.
વિષય: શબ્દ- સુગંધ .
પ્રકાર:ગદ્ય- લેખ.
શિર્ષક: શબ્દની સુગંધ.
શબ્દો:૩૧૦.
જયકાન્ત ઘેલાણી-- પ્યારે.

સૂવાસ,મહેંક,ફોરમ,ખૂશ્બુ વિ. શબ્દો, એકજ 'સુગંધ' પરિવારના અલગ અલગ શબ્દ,પણ અર્થ એકજ.

હાં સુગંધ શબ્દ નો અર્થ એ પણ થાયછે કે સારા કાર્યની વધુ પ્રસિદ્ધિ -અનેમોદના ! અને તેમા શુભકાર્ય ની અનૂમોદના આપોઆપ જ થતી રહેછે.

જીવનમાં જે પણ સારૂ કાર્ય થાયછે તેની સુગંધ આપો આપ સમગ્ર વિશ્ર્વમાં જરૂર પ્રસરેજછે ,

તે સુગંધ પ્રસરાવવી તે દરેક સજ્જન માનવીની નૈતિક ફરજ પણ બનેછે.

શબ્દો નાના, પણ વિસ્તાર ?
સમસ્ત વિશ્ર્વમાં !.
આ વિશ્ર્વમા જન્મ ધારણ કરનાર
દરેક વ્યકિત કંઈ ને કંઈ સદગૂણ ધારણ કરીને જન્મેછે, પછી તેમાં સમયને આધીન અને સ્વભાવ ને આધીન જરૂર ફેરફારનો અવકાસ
સમાયેલો હોયછે.
કોઈપણ જાતનાં ખર્ચા વગર,
જે તે વ્યકિત,આદરપૂર્વક સારા શબ્દના સથવારે એટલે કે
'વાણી, વિચાર વર્તન'
ના સૂમેળથી પોતાનું જીવન સંવારેછે, તે વ્યકિત, પરિવારના સમાજના, રાષ્ટ્ર ના ,અરે પ્યારે' તે વિશ્ર્વના લાડકવાયા બની ને જ રહેછે, અને તેનું જવલંત ઉદાહરણ એટલે આપણા વડાપ્રધાન, આદરણીય
શ્રી નરેન્દ્રભાઈ મોદી !.
જરૂર પૂરતું બોલવાનુ, અને તે પણ સારા શબ્દોના સથવારેજ ! આજછે તેની ખૂશ્બુ નો "રાજ".
આ આવડત જેણે કેળવી તે વિશ્ર્વનો લાડકો !.
આપણાં NOG સાહિત્ય સરિતા પરિવાર ના સભ્યો ની અવનવાં વિષયો ઉપર ની વૈવિધ્યસભર કૃતિઓથી, સાહિત્ય જગતમા
એક નવી સુગંધ આપો આપ પ્રસરીજ છે. અને તેનું શ્રેય
લેખક મિત્રો અને NOG
પરિવારનેજ જાયછે.
સારા સાહિત્યની સુગંધ કાયમ મહેકતીજ રહેછે.
જયકાન્ત ઘેલાણી 'પ્યારે'.

---

N O G : S S No : 0082
વિષય : સુગંધ
પ્રકાર : ગદ્ય
શિર્ષક : ફુલ જેવી સુન્દર ?દીકરી
'અનૂપા' નામ મારી દીકરીનુ
જન્મ અગાઉ મે જે મારી દીકરી ની કલ્પના? મનોમન કરી હતી,
તેવી જ ચન્ચલ અને મોહક,
ખુબ જૂ ડાહી ,
જલ્દી જલ્દીથી મોટી થઇ ગઈ,
ઘર ના દરેક જણ ૨૫ વર્ષ પછી
ખુશ્ ખુશાલ હતા,
પ્રથમ વરસાદ મા જેમ્ જમીન માથી સોડમ પ્રસરે તેવી રીતે
અમારા ઘર મા વાત્સલ્ય્ ની
સુગંધ ચારે તરફ્ અનૂભવાતી હતી,
ખુબ્ જ લાડલી અને દવાખાને
હર સમય યાદ આવે તેવી તેની
મુખાકૃતી થી ફટાફટ ઘેર્ આવી જતો ,
જેવી રીતે સમય ને વહેતા વાર
નથી લાગતી તેમ બાળકોને વધતા વાર લાગતી નથી
ભણી ઘણી ને હોશીયાર થઈ ને લગન ની વાતો શરૂ થતા ખુબ જ ધર્મ કર્મ પ્રીય યુવક સાથે સગાઇ કરીને યોગ્ય્ સમયે લગ્ન કર્યા ,
પિતા પ્રત્યે ખુબ ખુબજ પ્રેમ્
અને લાગણી અને એક દીકરાની જેમજ જીવન ભર
પ્રેરણા, સલાહ્, સુચન દીલાસો
લગ્ન બાદ પણ પૂરા કર્યા,
દીકરી અને પિતા ના અતૂત
સબન્ધ એક દીકરી જ નિભાવી
જાણે,
બાપની વેદના અને પ્રેમની અનુભુતી તમને દીકરી અને પિતા ના સબન્ધમા અનુભવાય છે,
દિકરી ના પ્રેમની સુગન્ધની
સમકક્ષ દૂનીયા ની કોઈપણ
સુગન્ધ સાવ ફીક્કી લાગે છે
Dr Aniruddha vyas, Canada

---

NOGSS NO-* 0088
વિષય- સુગંધ વિશેષ..
પ્રકાર- પદ્ય
શીર્ષક- જીવનચક્રની સુગંધ
નામ- ડૉ. મનીષા વ્યાસ
સુગંધે તારી ખેંચાઈ આવતો જ્યાં જ્યાંથી તું નીકળે..
જાણે મનનો બગીચો સઘળો મઘમઘતો થઈ મહેંકે..
પરણી માણતાં પરિણયે સંવનન સુખ યુગલ સાનિધ્યે..
પરસ્પરના પરસેવાની ભળતી સુગંધ અખંડ દામ્પત્યે..
ભટુરિયાં નાનાં ભરતાં પેટ બચબચ કરી માના પયપાને..
ઊઠતી મીઠી સુવાસ માની એજ ઝભલાંના સહવાસે..
સુંગંધ તારા પરસેવાની જો તું લઈને આવે આસપાસે..
લાગે જાણે આખું ધમધમતું રસોડું લઈ પાલવે આવે..
આતુર છોરાં! દેખી આકાશ, ઊડવા દૂર પાંખો વીંઝે ..
છોડી માળે સુવાસ સ્મરણોની, વસ્યાં અનોખી ધરાએ
આવ્યાં પળીયાં, થયાં બોખાં ને વળી મોતિયા આંખે ..
ધ્રુજતા હાથે ઢળ્યો આહાર, શું ઊઠતી ગંધ આવાસે?
રહ્યાં પાછાં બેનાં બે જે ચઢેલાં જીવનચક્રના ચાકડે..
પાક્યા દેહે પડશે માટી, ઉઠશે સુવાસ અગ્નિદાહે..
ડૉ. મનીષા વ્યાસ
અમદાવાદ

# ૧૬ ઓક્ટોબર, "વર્લ્ડ ફૂડ ડે"
## ઈટ ફૂડ, ફિલ ગુડ
## માંસાહાર, સર્વ નાશાહાર



વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન અનુસાર, કુપોષણનો સૌથી મોટો ફાળો બાળ મૃત્યુદર છે. જે મોટા ભાગે ભૂખમરાને કારણે અથવા પુરતો અને પૌષ્ટિક ખોરાક ન મળવાને કારણે થાય છે. દર વર્ષે અંદાજે ૬૦ લાખ જેટલાં બાળકો ભૂખથી મરે છે. ઓછું વજન અને આંતરડાની વૃદ્ધિ પર પ્રતિબંધનાં કારણે એક વર્ષમાં ૨૨ લાખ બાળકોના મૃત્યુનું કારણ બને છે.

વિશ્વની ભૂખ એ ખોરાકની ક્ષમતાના અભાવનું પરિણામ નથી, પરંતુ વિશ્વનાં અન્ન સંસાધનોનું અસમાન વહેંચણી છે. વળી સાધનો ઉપલબ્ધ છે તો એનો યોગ્ય રીતે ઉપયોગ થતો નથી. બાળકોની સાથે ઘણા યુવાનો પણ આજકાલ જંક ફૂડ, માંસાહાર જેવી ચીજવસ્તુઓ ખાવાનાં કારણે જાતજાતની બીમારીઓનો ભોગ બની રહ્યા છે. એવું જરૂરી નથી જ કે કાયમ ફળો અને કાચી શાકભાજીઓ પર જ નિર્ભર રહેવું, પણ સમય સાથે શરીરમાં બેલેન્સ જાળવવું આવશ્યક છે. કોરોનાકાળમાં જ ઘણા યુવાનો કે આધેડ વયના વ્યક્તિઓને હાર્ટ એટેકનાં આવવાનાં કિસ્સા જોવા મળ્યા હતાં તેનું એક કારણ હાઈપર ટેન્શન કે ઓવર સ્ટ્રેસ તો હોય જ પરંતુ એની સાથે સાથે ખાવાની ખોટી આદતો પણ સમાયેલી છે. એક સંશોધન અનુસાર માણસ જયારે વધુ પડતા સ્ટ્રેસમાં હોય છે ત્યારે એનાં ટેસ્ટ બર્ડ્સમાં વધુને વધુ જુદા જુદા પ્રકારનાં એન્ઝાઈમ ઉત્પન્ન થતાં હોય છે જે કાયમ જંક ફૂડની માંગણી કરતા હોય છે. તેનું કારણ માણસનાં શરીરમાં પહેલેથી જ જંક ફૂડથી બનેલા કોષો(સેલ્સ) હોય છે જે વધુને વધુ જંક ફૂડની માંગણીઓ કરતાં હોય છે. માસિક ધર્મનાં સમય દરમિયાન મોટા ભાગે સ્ત્રીઓની પણ આ અવસ્થા જોવા મળે છે. બીજું કારણ માંસાહાર ખાવાની આદત હોઈ શકે કારણ કે તે એક એવો ખોરાક છે જે લીધા પછી માણસનું શરીર સંપૂર્ણપણે એસીડીક બનતું જાય છે અને સ્વાસ્થ્ય જાળવવા માટે માનવ શરીર એસીડીકનાં સ્થાને અલ્કલાઇનની નજીક વધુ રહે એ વધુ હિતાવહ કહેવાય માટે શાકાહાર અપનાવવું જોઈએ. વિચિત્ર પ્રકારનાં ઘડેલા ખોરાક ખાવાને બદલે કુદરતે આપેલું ભોજન લેવું વધુ યોગ્ય છે. વળી માંસાહાર કરતાં શાકાહારમાં મળતાં ન્યુટ્રિશન્સ વધુ ચડિયાતાં છે, એ વાત આપણે ભૂલી જઈએ છીએ. કસાયેલું સિક્સ-પેક એબ્સ વાળું બોડી બનાવવું હશે તો અનાજ, કઠોળ, શાકભાજી, ફળફળાદિ માનવશરીર માટે એક સંપૂર્ણ ફૂડ-પેકેજ છે, જેમાં જરૂરી વિટામિન, મિનરલ્સથી શરૂ કરીને પ્રત્યેક ન્યુટ્રિશન્સનો સમાવેશ થઈ જાય છે. સંતુલિત શાકાહારી ખોરાક વ્યક્તિને બાવડેબાજ અને મજબૂત બનાવી શકે છે. શાકાહાર હૃદયસંબંધી રોગના ખતરાને દૂર રાખે છે માંસાહારમાં સંતૃપ્ત ચરબી (સેચ્યુરેટેડ ફેટ)નું પ્રમાણ ઘણું વધારે હોય છે, જેને કારણે હૃદયસંબંધી બિમારીઓ થવાનો ભય રહે છે. પરંતુ વેજ-ફૂડમાં પૂરતાં પ્રમાણમાં વિટામિન્સ, મિનરલ્સ, ફાઈબર હોય છે, તેમાં સંતૃપ્ત ચરબીનું પ્રમાણ બહુ જ ઓછું જોવા મળે છે, જેના કારણે બ્લડ-પ્રેશર અને કોલેસ્ટેરોલ પણ નિયંત્રણમાં રહે છે, સરવાળે, મોટી ઉંમરે હૃદયને કાર્યાન્વિત રાખવામાં શાકાહાર ઉપયોગી પૂરવાર થાય છે. શાકાહારનાં સેવનથી શરીરમાં નકામી ચરબી જમા નથી થતી. સ્વસ્થતાનો માપદંડ ગણાતો 'બોડી માસ ઈન્ડેક્સ' (બીએમઆઈ) પણ શાકાહારીઓમાં માંસાહારીની તુલનામાં વધુ સારો જોવા મળે છે. શરીરનું વજન એકસરખું જાળવી રાખવા તેમજ સંતુલિત સ્વાસ્થ્ય માટે શાકાહારને વધુ મહત્વ આપવાની નિષ્ણાંતો સલાહ આપે છે. શાકાહાર લાંબી આયુનું વરદાન આપે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શક્યતા રહે છે. બ્લડ-પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોક્ટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે તે પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન-વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યક્તિને પાચન-સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે. શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે શાકભાજી સાથે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. ભારતીય વંશની ગાયના દૂધમાં એક મહત?વનું ઘટક સેરીબ્રોસાઇડ નામનું તત?વ છે જે મગજ અને બુદ્ધિના વિકાસ માટે સહાયક છે. વળી આ પણ એક ધ્યાનમાં લેવા જેવી બાબત છે કે હાથી, ઘોડો, ગાય, ગેંડો, હિપોપોટેમસ, બકરી, ઊંટ, હરણ જેવા તમામ શક્તિશાળી અને બુદ્ધિશાળી પ્રાણીઓ શાકાહારી જ છે માટે લાબું અને સ્વસ્થ જીવન જીવવા માટે ખાવાનું આદતો સારી બનાવવી જોઈએ અને માદક દ્રવ્યોનાં સેવનથી પણ દુર રહેવું જોઈએ.

ઈટ ફૂડ, ફિલ ગુડ
માંસાહાર, સર્વ નાશાહાર
લાશ ખાવાનું છોડો, શાકાહારી બનો.
- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# વિક્લી માર્કેટ રિપોર્ટ

# વાયદા બજાર પર સોનું રૂ.૧૦૮૮ અને ચાંદી રૂ.૪,૨૦૬ ડાઊનઃ ક્રૂડ તેલ રૂ.૮૭ વધ્યું

## સપ્તાહ દરમિયાન કોટનનો વાયદો ગાંસડીદીઠ રૂ.૭૯૦ના ભાવઘટાડા સાથે રૂ.૩૨ હજારની અંદર સરક્યોઃ મેન્થા તેલ, નેચરલ ગેસ પણ ઢીલાં : કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૩૦૬૨૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૨૨૪૬૩૨ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૪૩૩ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૭થી ૧૩ ઓક્ટોબરના સપ્તાહ દરમિયાન ૪,૦૪૫,૩૩૩ સોદાઓમાં કુલ રૂ.૩૫૫,૬૮૭.૬૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૩૦૬૨૨.૦૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૨૨૪૬૩૨.૪૫ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૧,૧૭૬,૭૨૨ સોદાઓમાં કુલ રૂ.૬૩,૦૭૯.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૧,૯૦૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૨,૧૨૦ અને નીચામાં રૂ.૫૦,૪૦૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૦૮૮ ઘટી રૂ.૫૦,૮૮૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૬૭૪ ઘટી રૂ.૪૦,૪૫૪ અને ગોલ્ડ-પેટલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૯૨ ઘટી રૂ.૫,૦૩૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૬૭૮ના ભાવે ખૂલી, રૂ.૧,૦૯૬ ઘટી રૂ.૫૦,૬૧૫ના સ્તરે પહોંચ્યો હતો.ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૧,૪૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૧,૯૪૦ અને નીચામાં રૂ.૫૬,૧૯૪ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૪૨૦૬ ઘટી રૂ.૫૭,૧૪૦ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪૦૧૦ ઘટી રૂ.૫૭,૬૩૩ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩,૯૫૯ ઘટી રૂ.૫૭,૬૮૮ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૧૬૩,૭૬૬ સોદાઓમાં રૂ.૨૫,૫૩૪.૩૧ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓક્ટોબર વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૦૫ વધી રૂ.૨૦૮.૪૫ અને જસત ઓક્ટોબર વાયદો રૂ.૧૧.૩૦ ઘટી રૂ.૨૭૧ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૨.૦૫ વધી રૂ.૬૫૮.૩૦ તેમ જ સીસું ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૦ વધી રૂ.૧૮૨ના ભાવ થયા હતા.એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૫૧૩,૮૩૧ સોદાઓમાં કુલ રૂ.૪૧,૬૭૮.૯૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૭,૨૪૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭,૭૧૨ અને નીચામાં રૂ.૭,૦૮૨ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૮૭ વધી રૂ.૭,૩૫૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૫.૩૦ ઘટી રૂ.૫૫૨.૫૦ બંધ થયો હતો.કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૩,૬૭૬ સોદાઓમાં રૂ.૩૨૯.૬૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ઓક્ટોબર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૨,૯૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૫,૩૦૦ અને નીચામાં રૂ.૩૧,૭૫૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૭૯૦ ઘટી રૂ.૩૧,૯૩૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૧.૭૦ ઘટી રૂ.૯૮૯.૧૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૭,૭૩૫.૯૯ કરોડનાં ૫૪,૨૫૦.૪૭૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩૫,૩૪૩.૧૦ કરોડનાં ૫,૯૯૧.૪૭૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧૬,૨૨૨.૦૬ કરોડનાં ૨૨,૦૦૯,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨૫,૪૫૭ કરોડનાં ૪૬૧૯૬૮૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૨૯૭.૮૪ કરોડનાં ૯૩૭૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૩૧.૮૦ કરોડનાં ૩૨૦.૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૧૭૦.૪૭૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૬૯.૯૧૮ ટન, ક્રૂડ તેલમાં ૭૪૬૨૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૯૨૮૧૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૭૫૮૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૬૨૩.૧૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૪૩૩.૧૬ કરોડનાં ૬,૧૦૭ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૪,૪૮૦ના સ્તરે ખૂલી, ૪૭૪ પોઈન્ટ ઘટી ૧૪,૦૦૬ના સ્તરે હતો.ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૨૨૪,૬૩૨.૪૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૦૫૧.૯૦ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૯૨૮.૪૯ કરોડનાં કામ થયાં હતાં.

# પાંઉ, પૌરાણા, ખેતાણી પરિવાર દ્વારા ધમાકેદાર, હાસ્યરસ તથા સ્નેહમીલન, પરીવારજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ

## આંતરરાષ્ટ્રીય હાસ્ય કલાકાર, લેખક, કવિ, ચિંતક, ઉમદા સેવક ડો. જગદીશ ત્રિવેદી હાસ્યરસ પીરસશે.



પાંઉ, પૌરાણા, ખેતાણી પરિવાર ટ્રસ્ટ દ્વારા કુળદેવી શ્રી ભવાનીમાં પૂજય પાવન શ્રી ડુંગરદાદા તથા શ્રી ગોરધનદાદાના પરમ આશીર્વાદથી ટ્રસ્ટને ૧૪ વર્ષ થતાં હોય તે નિમીતે રાણપુર (નવાગામ) મુકામે ૧૪ મું ધમાકેદાર સ્નેહમિલનનું આયોજન તથા સાથમાં જ આંતરરાષ્ટ્રીય હાસ્ય કલાકાર, લેખક, કવિ, ચિંતક, ઉમદા સેવક ડો. જગદીશ ત્રિવેદી હાસ્યરસ પીરસશે. પાંઉ, પૌરાણા, ખેતાણી પરિવાર ટ્રસ્ટ દ્વારા કુળદેવી શ્રી ભવાનીમાં પૂજય પાવન શ્રી ડુંગરદાદા તથા શ્રી ગોરધનદાદાના સાનીધ્યમાં વિવિધ પ્રસંગોનું આયોજન કરેલ છે જે અંતર્ગત કારતક સુદ–૪, તા.૨૯/૧૦/૨૦૨૨, શનીવારના રોજ સાંજે ૫–૦૦ કલાકે (સમયસર), હાસ્યરસ કાર્યક્રમ સાંજે ૫-૩૦ થી ૭-૦૦ કલાકે, મહાઆરતી સાંજે ૭-૦૦ કલાકે પ્રોગામના ઈન્ટરવલ દરમ્યાન, હાસ્યરસ કાર્યક્રમ સાંજે ૭-૩૦ થી ૮-૩૦ કલાક દરમ્યાન તથા સ્વરૂચી ભોજન (પ્રસાદ) રાત્રે ૯–૦૦ કલાક દરમ્યાન યોજાશે જેમાં પાંઉ, પૌરાણા, ખેતાણી પરિવારના દરેક સભ્યને સમયસર આ કાર્યક્રમમાં પધારવા ટ્રસ્ટ દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે.

આ કાર્યક્રમની અંગેની વિશેષ વિગતો માટે શ્રી અમરભાઇ પાંઉ મો: ૯૭૧૨૯ ૮૨૮૦૦, પાંઉ, પૌરાણા, ખેતાણી પરિવાર ટ્રસ્ટનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

પાંઉ, પૌરાણા, ખેતાણી પરિવાર ટ્રસ્ટનાં

જય શ્રી કૃષ્ણ

જય ભવાની , જય ડુંગરબાપા , જય ગોરધનદાદા

# શારદા સ્કુલ ઓફ ફાર્મસી, પેથાપુરના દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ રિસર્ચ એન્ડ ઈનોવેશન ફેસ્ટિવલ સેમીનાર યોજયો




પેથાપુર,

આજના આધુનીક યુગ માં નોકરી ની તકો બહુ ઓછી જોવા મળે છે. જેના અનુસંધાન માં આત્મનિર્ભર ભારત બને એવા આપડા દેશ ના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી નો ભગીરથ પ્રયાશ છે. જે સ્ટાર્ટ-અપ રિસર્ચ એન્ડ ઈનોવેશન દ્વારા જ શક્ય બને આ અંતર્ગત શારદા સ્કુલ ઓફ ફાર્મસી, પેથાપુરના દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ રિસર્ચ એન્ડ ઈનોવેશન ફેસ્ટિવલ વિષય નું મહત્વ પ્રસ્તુત કરતો કાર્યક્રમ નું આયોજન કરવા મા આવ્યું.આ કાર્યક્રમ માં શ્રી રમણભાઇ પટેલ વિજાપુર ના ધારાસભ્યે હાજરી આપી હતી. તથા પ્રવર્ક્તા ડો.નિશીત પટેલ, પ્રોફેસર ફાર્માસ્યુટીક્સ ડીપાર્ટમેન્ટ રજીસ્ટ્રડ ઇંડીયન પેટન્ટ એજન્ટ એ સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ રિસર્ચ એન્ડ ઈનોવેશન માહીતી આપી અવગત કર્યા હતા. આ કાર્યક્રમમાં સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ રિસર્ચ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦, ગવર્મેન્ટ ઓફ ગુજરાત ની ગ્રાન્ટ વિશે વિધ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા તથા વધારે માં વધારે વિધ્યાર્થીઓ સ્ટાર્ટ-અપ માં જોડાય તથા આત્મનિર્ભર બની વધારે માં વધારે રોજગાર મળે તે માટેની માહિતી આપવામાં આવેલ હતી. દરેક વિધ્યાર્થી ૨.૫ લાખ સુધી ગ્રાન્ટ મળવી શકે અને પોતાના ઈનોવેટીવ આઇડિયાને પ્રોટોટાઇપ સુધી પહોંચાડી શકે તથા તે માટેની માહિતી આપેલ હતી. જેમાં ટ્રૂસ્ટ ના સેકરેટરી શ્રી કાન્તીભાઇ એમ. પટેલ, મેનેજીંગ ટ્રૂસ્ટી શ્રી ડો. નરેશભાઇ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર શ્રી ડો.યોગેશ કે.પટેલે પણ ભાગ લીધો હતો. જેમાં ફાર્મસી ના ૨૫૦ જેટલા વિધ્યાર્થી તથા અધ્યાપક ગણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

જેનુ સફળ સંચાલન શારદા સ્કુલ ઓફ ફાર્મસી, પેથાપુર ના પ્રિન્સીપાલ ડો. દિવ્યકાંત પટેલ ના નેતૃત્વ હેઠળ આ આયોજન કરવા માં આવ્યું હતું.

# ગુજરાતમાં માત્ર વિકાસની રાજનીતિ જ ચાલે છેઃ ધર્મેન્દ્ર પ્રધાન

**૨૦૨૨ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ તમામ રેકોર્ડ સર કરશે. -શ્રી ધર્મેન્દ્ર પ્રધાન**






ગાંધીનગર,

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબાડી યાદી જણાવે છે કે, સમગ્ર ગુજરાતમાં પ્રારંભ થયેલ ભાજપ પ્રેરિત ગુજરાત ગૌરવ યાત્રા કેન્દ્રીય શિક્ષણ મંત્રીશ્રી ધર્મેન્દ્ર પ્રધાન ની સુકાન હેઠળ આજરોજ ગાંધીનગર મહાનગર ખાતે આવી પહોંચી હતી જેને આવકારવા ગાંધીનગરના દ્વાર એવા પેથાપુર ચાર રસ્તાએ યાત્રા ને આવકારવા ગાંધીનગર મહાનગરના અધ્યક્ષ શ્રી રુચિર ભટ્ટ, મેયર શ્રી હિતેષ મકવાણા,ડે. મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ ની આગેવાનીમાં સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ ગૌરવ યાત્રા સમયે પેથાપુર ચાર રસ્તા પાસે ભાજપ ના કાર્યકર્તા ઓ, શુભેચ્છકો, જાહેર જનતા ની મેદની વચ્ચે એક વિશાળ જાહેર સભા નું આયોજિત હતી. આ વિશાળ જાહેર સભામાં કેન્દ્રીય મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે જે રીતે ગૌરવ યાત્રામાં જનતા નો જે પ્રતિસાદ મળ્યો છે તે જોતા ગુજરાત માં આગામી ૨ મહિના માં યોજાનાર વિધાનસભા ની ચૂંટણીમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૨૭ વર્ષની ભાજપા સરકારની જનકલ્યાણની કામગીરીના ફળસ્વરૂપ ભાજપ તમામ રેકોર્ડ સર કરશે એવો મારો વિશ્વાસ છે. ભાજપ માત્ર વિકાસ માં જ માને છે અને ગુજરાતમાં છેલ્લા ૨૭ વર્ષથી સુસાશનના ભાગરૂપે ગુજરાતનો વિકાસ સમગ્ર દેશ જોઈ રહ્યો છે એટલે અહીં બીજા કોઈ પક્ષ ને સ્થાન નથી. ગુજરાતમાં માત્ર વિકાસની રાજનીતિ જ ચાલે છે.

આ જાહેરસભામાં શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી, પૂર્વ મંત્રીશ્રી દિલીપ ઠાકોર, શહેર અધ્યક્ષ શ્રી રુચિર ભટ્ટ, પ્રદેશના સહ પ્રવક્તા ડૉ. ઋત્વિજ પટેલ, પૂર્વ મહામંત્રી કે.સી.પટેલ સહિતના તમામ મહાનુભાવો એ પણ ગાંધીનગર મહાનગર ની ૪૧ બેઠકોની જીતનો દાખલો લઇ આગામી ચૂંટણીમાં ગાંધીનગર વિધાનસભાની તમામ બેઠકો જીતી લેવાનો નિર્ધાર વ્યક્ત કર્યો. મહાનગર ભાજપા સંગઠનના હોદ્દેદારો, અગ્રણીશ્રીઓ, ચૂંટાયેલા સભ્યો, કાર્યકર્તાઓ, શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના પ્રમુખપદ માટેના પ્રતિષ્ઠાભર્યા ચૂંટણી જંગમાં પ્રો. જયદીપસિંહ ડોડીયાનો આઠ મતની સરસાઈથી વિજય

**મંત્રી તરીકે ઉદ્યોગપતિ સાજી મેથ્યુ સહમંત્રી તરીકે શ્રી અજયસિંહ એમ. પરમાર અને બિલ્ડર શ્રી રમેશભાઈ સભાયાની બિનહરીફ વરણી**



રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના પ્રમુખપદ માટે યોજાયેલ ચૂંટણીમાં કુલ ૪૫ સભ્યોએ મતદાન કર્યું હતું. પ્રમુખ પદ માટે વિજેતા ઉમેદવાર પ્રો.જયદીપસિંહ ડોડીયાને ૨૬ મત મળ્યા હતા અને તેના હરીફ ઉમેદવાર પ્રો. પી.એચ. પરસાણીયાને ૧૮ મત મળ્યા હતા જયારે એક મત રદ થયો હતો. ૧૯૭૨માં સ્થપાયેલી આ હાઉસીંગ સોસાયટીના ઈતિહાસમાં પ્રથમવાર પ્રમુખપદ માટે ચૂંટણી યોજવાની નોબત આવી પડી હતી જેમાં પ્રો.જયદીપસિંહ ડોડીયાનો ૮ મતની સરસાઈથી વિજય થયો હતો.

મંત્રી તરીકે ઉદ્યોગપતિ સાજી મેથ્યુ અને સહમંત્રી તરીકે શ્રી અજયસિંહ પરમાર અને બીલ્ડર શ્રી રમેશભાઈ આર. સભાયા બિનહરીફ ચૂંટાયા હતાં. કારોબારીના સભ્યો તરીકે બિલ્ડર શ્રી રમેશભાઈ આર. સભાયા, શ્રી જીતેશકુમાર એમ. પંડીત, શ્રીજીથ સુકુમારન નાયર, શ્રી મૌલિકસિંહ દિલીપસિંહ ભટ્ટી તેમજ આમંત્રીત સભ્ય તરીકે વરિષ્ઠ શિક્ષણવિદ્ પ્રો.અનામિકભાઈ શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ચૂંટણી અધિકારી તરીકે સૌ.યુનિ.ના પૂર્વ ઈજનેર શ્રી ડી.પી. ત્રિવેદી સાહેબે ફરજ બજાવી હતી. સૌરાષ્ટ્ર યુનીવર્સિટી કર્મચારી કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિમિટેડના સતત પાંચમી વખત પ્રમુખપદે ચૂંટાવા બદલ પ્રો.જયદીપસિંહ ડોડીયાને ઉદ્યોગપતિ શ્રી ભરતભાઈ વાછાણી, જાણીતા બિલ્ડર શ્રી યોગેશભાઈ ગરાળા, ઉદ્યોગપતિ શ્રી સાજી મેથ્યુ, ઉદ્યોગપતિશ્રી શૈલેશભાઈ પટેલ, અગ્રણી શ્રી નીલેશભાઈ માંડવીયા, ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી ભરતભાઈ વાજા, શ્રી દિનેશભાઈ ભુવા, બિલ્ડર શ્રી રમેશભાઈ આર. સભાયા વગેરેએ અભિનંદન સહ શુભેચ્છા પાઠવી છે.

# ડાંગના વઘઈ તાલુકાની આશ્રમ શાળામાં ફૂડ પોઈઝનિંગથી ૯૪ વિદ્યાર્થીઓને અસર

ડાંગ,તા.૧૪

ડાંગના વઘઈ તાલુકાની ડુગરડા ગામે આવેલી આશ્રમ શાળામાં ફૂડ પોઈઝનિંગના લીધે ૯૪ જેટલા વિદ્યાર્થીઓને ઝાડા ઉલ્ટીની અસર થઈ છે. આના પગલે ૩૪ બાળકોને સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે અને અનય બાળકોની આશ્રમમાં જ સારવાર કરવામાં આવી છે.આ ઘટનાના પગલે સરકારી શાળાઓમાં આપવામાં આવતા આહાર અને તેમા ઉપયોગમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સામે અનેક સવાલો ઊભો થયા છે. આ ફૂડ પોઈઝનિંગની ઘટનાના કારણો કયા છે. સદનસીબે હજી સુધી કોઈ બાળકનો જીવ ગયો નથી, પણ એનો અર્થ એવો તો ન જ કરી શકાય કે આવું નહી જ થાય. આ કંઈ આશ્વાસન લઈને બેસવા જેવી વાત નથી. તપાસ કરવા જેવી વાત છે. જો કોઈ જાનહાનિ થઈ હોત અથવા બાળકને કાયમ માટે શારીરિક નુકસાન થતું હોત તો તેની જવાબદારી કોની રહેત.

શું આશ્રમની શાળાઓને આપવામાં આવતા અનાજની ગુણવત્તાના મુદ્દે કોઈ ધારાધોરણ છે કે નહી. શું આશ્રમ શાળાઓમાં પૂરા પડાતા ખાદ્ય પદાર્થોમાં વપરાતા કાચા માલની ગુણવત્તાની ચકાસણી થઈ હતી કે નહી કે પછી આ પ્રમાણ દર વખત કરતાં થોડું વધી ગયું હતું. આ રીતે હલકી ગુણવત્તાવાળું અનાજ કે ખાદ્ય પદાર્થો બાળકોને પૂરા પાડનારા હલકી માનસિકતાવાળા લોકો સામે પગલા ક્યારે લેવાશે.

# સિધ્ધપુર તાલુકાના કલ્યાણા ગામે વિજળી પડવાથી અવસાન પામેલ મૃતકના પરિવારને ચેક અર્પણ કરવામાં આવ્યો



સિધ્ધપુર,

સિધ્ધપુર તાલુકાના કલ્યાણા ગામના ચેનાજી રણછોડજી ઠાકોર તારીખ ૧૦/૦૯/૨૦૨૨ ના રોજ એમના ખેતરમાં કામ કરતા હતા તે સમયે આકાશી વીજળી પડવાથી તેમનું અવસાન થયું હતું જે બાબતે સરકારશ્રી ની ૨૨ / ૪૫ કુદરતી આફતો અન્વયે જાહેર કરેલ રૂપિયા ૪૦૦૦૦૦/ ( અંકે રૂપિયા ચાર લાખ પુરા ) ની સહાય સરકારશ્રી તરફથી તેમના વારસદાર પત્ની શ્રીમતી રમીલાબેન ચેનાજી ઠાકોરને સિધ્ધપુર તાલુકા પંચાયત કચેરી તરફથી પી.વી. ઠાકોર ( નાયબ તાલુકા વિકાસ અધિકારી ) તથા ભૂપેન્દ્રસિંહ વાઘેલા ( સદસ્ય તાલુકા પંચાયત સિધ્ધપુર, કલ્યાણા સીટ ) ના હસ્તે સિધ્ધપુર તાલુકા પંચાયત કચેરી ખાતે મૃતક ચેનાજી રણછોડજી ઠાકોરના નાના ભાઈ વાલાજી રણછોડજી ઠાકોર ને રૂપિયા ૪૦૦૦૦૦/ ( અંકે રૂપિયા ચાર લાખ પુરા ) નો ચેક અર્પણ કરવામાં આવ્યો. એ વખતે મૃતકના પરિવારજનોમાં આનંદ અને ખુશીની લાગણી જોવા મળેલ તથા એમના સમગ્ર પરિવાર તરફથી ગુજરાત સરકારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી સિધ્ધપુર, નાયબ તાલુકા વિકાસ અધિકારીશ્રી તથા ભૂપેન્દ્રસિંહ વાઘેલા ( સદસ્યશ્રી સિધ્ધપુર તાલુકા પંચાયત ) અને આ સહાય અપાવવામાં પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે મદદરૂપ થનાર તમામ લોકો પ્રત્યે આભાર ની લાગણી પ્રગટ કરવામાં આવી હતી. વિજળી પડવાથી આ ઘટના બની છે એવી જાણ ડેલીગેટ ભૂપેન્દ્રસિંહ વાઘેલાને થતાં તેઓ તરતજ મૃતકના ભાઈ વાલુજીને ફોન કરીને એમના ઘેર પહોંચીને એમના પરિવારને સાંત્વના પાઠવી હતી એ વખતે એમનો પરિવાર પી.એમ. કરાવવા તૈયાર નહોતો ત્યારે એમના પરિવારને સાંત્વના આપીને બનવા વસ્તુ બની ગયેલ છે અને એ ખોટ તો આપણે ક્યારેય નહીં પુરી શકીએ પણ હવે આપણે પી.એમ. કરાવીએ તો સરકારશ્રી તરફથી જે કોઈ નાની મોટી સહાય મળે તો આ કારમા આધાતના સમયે પરિવારને મદદરૂપ થઈ શકે એમ સમજાવીને પી.એમ. કરાવવાથી લઈને સરકારશ્રીની અકસ્માત યોજનાની સહાય માટે મામલતદારશ્રી અને તાલુકા વિકાસ અધિકારીશ્રીને આ ઘટનાની જાણ કરીને એના તમામ ડોક્યુમેન્ટ એકત્ર કરીને તાલુકા વિકાસ અધિકારીશ્રીને પુરા પાડીને ચેક તૈયાર કરાવીને અપાવવા સુધી સતત સાથે રહીને મદદરૂપ બનનાર ભૂપેન્દ્રસિંહ વાઘેલા ( ડેલીગેટશ્રી સિધ્ધપુર તાલુકા પંચાયત ) નો મૃતકના પરિવાર દ્વારા વિશેષ આભાર માનવામાં આવેલ.

# જી.ટી.યુ ખાતે 'ટેક ફેસ્ટ ૨૦૨૨' નો સફળ સમાપન કાર્યક્રમ




જી.ટી.યુ. દ્વારા આયોજિત ટેકફેસ્ટ ૨૦૨૨ ની ઉજવણી ના ભાગરૂપે જી.ટી.યુ. સંલગ્ન એંજિનિયરિંગ કોલેજના સિવિલ એન્જીનિયરીંગ શાખાની ઈવેન્ટસનું આયોજન તારીખ ૧૦ થી ૧૨ ઓક્ટોબર દરમ્યાન જીપેરી, મેવડ ના યજમાન પદે કરવામાં આવેલ હતું. આ ત્રણ દિવસ દરમ્યાન ટેકમાઇન્ડ બેન્ડ, બ્રિજ ધ ગેપ, સર્વે જ્ઞાન, સિવિલ ચેમ્પ અને કોલરેફસ નામની ટેકનિકલ ઈવેન્ટસ ઉપરાંત તારીખ ૧૦ અને ૧૧ દરમ્યાન વર્ચ્યુયલ રિયાલીટી ફોર સિવિલ એન્જીનિયરીંગ નું ફ્રી ડેમોસ્ટ્રેશન ખોડિયાર કેડ, અમદાવાદના સહયોગથી જીપેરી ખાતે આયોજન કરવામાં આવેલ હતું.

વિવિધ કોલેજના ૩૫૦ થી પણ વધુ વિદ્યાર્થી, વિદ્યાર્થિનીઓએ આયોજિત ઈવેંટ્સમાં પોતાની પ્રતિભા દેખાડી હતી. ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને સર્ટિફિકેટ આપીને સન્માનીત કરાયા હતા. તારીખ ૧૩ ઓક્ટોબર ના રોજ જી.ટી.યુ ખાતે સમાપન કાર્યક્રમ રાખવામા આવ્યો હતો. જેમાં પ્રો. (ડો.) નવીનભાઈ શેઠ, વાઇસ ચાન્સેલર, ડો. કે. એન. ખેર., રજીસ્ટ્રાર, શ્રી રાજેશભાઈ શાહ, ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર, હર્ષા એંજિનિયર્સ લિ., શ્રી ઉત્કંઠ ભંડારી, ડાયરેક્ટર, સ્ટ્રીમલાઇન કંટ્રોલ્સ પ્રાઈવેટ લિમિટેડ. ની હાજરીમાં તમામ યજમાન સંસ્થા અને તેમના સંયોજકોને સર્ટિફિકેટ આપી સન્માનીત કર્યા હતા. પ્રિન્સિપાલ શ્રી ડૉ. ચિરાગ વિભાકર સાહેબ ને જીપેરી ને ઉત્કૃષ્ટ યજમાન સંસ્થા તરીકે વિવિધ ઈવેંટ્સનું આયોજન કરવા બદલ સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. સેન્ટ્રલ જી.ટી.યુ. કો-ઓરડીનેટર તરીકે ડો. ઉત્સવ ગઢિયા તેમજ ઈવેંટ્સ કો-ઓરડીનેટર પ્રોફેસર ગૌરવ વ્યાસ અને પ્રો. રસીક મકવાણાને યજમાન સંસ્થાના સંયોજક તરીકે સર્ટિફિકેટ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

# ડાંગ જિલ્લાના ગરીબ કલ્યાણ મેળાના ૧૨,૨૩૩ લાભાર્થીઓને રૂ.૨૯ કરોડ ૪૩ લાખની રકમના લાભો એનાયત કરાયા

**સરકારી યોજનાઓનો લાભ લઇ લોકો આત્મનિર્ભર બન્યા છે - શ્રી મંગળભાઈ ગાવિત**

**આહવા ખાતે યોજાયો ડાંગ જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો**




આહવાઃ તાઃ ૧૪ઃ ગરીબોના બેલી એવા વડાપ્રધાન શ્રી નરેદ્રભાઈ મોદીની પ્રેરણાથી સુશાસનના સંકલ્પ સાથે જનકલ્યાણ સેવા યજ્ઞ માટે સમર્પિત સતત કાર્યશીલ ગુજરાત સરકાર દ્વારા, ગરીબી નિવારણ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામા આજે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિતના હસ્તે ડાંગ જિલ્લાના કુલ ૧૨ હજારથી વધુ લાભાર્થીઓને ૨૬ કરોડના લાભ આપવામા આવ્યા હતા.

ગરીબ કલ્યાણ મેળાની અગત્યતા અને ઉપયોગિતાનો ખ્યાલ આપતા કાર્યક્રમના અધ્યક્ષ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિતે આ પ્રંસગે જણાવ્યુ હતુ કે, વર્ષ ૨૦૦૯મા માનનીય વડા પ્રધાનશ્રીએ ગરીબ કલ્યાણ મેળાની શરૂઆત કરી હતી. ગરીબ લોકોને આર્થિક રીતના પગભર કરવા માટે મેળામા સરકારની વિવિધ યોજનાઓનો લાભ આપવામા આવી રહ્યો છે. આજે આ મેળાઓના કારણે ગરીબ, વાંચિત લોકો સુધી સરકારી યોજનાઓનો સીધો લાભ મળી રહ્યો છે. આજે જિલ્લામા શિક્ષણ, આરોગ્ય, જન કલ્યાણકારી યોજનાઓમા સુધારો થઈ રહ્યો છે.

અગાઉના ગરીબ કલ્યાણ મેળાઓમા જિલ્લાના કુલ ૩૬,૮૪૬ લાભાર્થીઓને અંદાજિત રૂ.૨૨૭ કરોડ ૬૩ લાખના લાભો એનાયત થઈ ચૂક્યા છે તેમ જણાવતા, પ્રમુખશ્રીએ ૨૦૨૨-૨૩ ના ગરીબ કલ્યાણ મેળા દરમિયાન કુલ ૧૨,૨૩૩ લાભાર્થીઓને રૂ.૨૬ કરોડ ૪૩ લાખની રકમના લાભો આપવામા આવી રહ્યા છે તેમ જણાવ્યુ હતુ.

ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્દષ્ટિને કારણે ગુજરાતમા શરૂ થયેલા ગરીબ કલ્યાણ મેળાને કારણે, અનેક શ્રમજીવી પરિવારો સ્વરોજગારી ક્ષેત્રે પ્રવૃત્ત થઈને પગભર બન્યા છે, તેમ જણાવતા ધારાસભ્ય શ્રી વિજય પટેલે, રાજ્ય અને કેન્દ્ર સરકારની કલ્યાણલક્ષી યોજનાઓની જાણકારી આપી હતી.

કાર્યક્રમ દરમિયાન જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત સહિતના પદાધિકારીઓએ ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓને લાભોનુ વિતરણ કર્યુ હતુ. સાથે 'પંચાયતી રાજની આગેકૂચ'નામક કોફી ટેબલ બુકનુ વિમોચન પણ કરવામા આવ્યુ હતુ. જે બાદ મહાનુભાવોએ સ્ટોલની મુલાકાત લીધી હતી.

કાર્યક્રમના ભાગરૂપે રાજ્ય અને કેન્દ્ર સરકારની જુદીજુદી કલ્યાણ યોજનાઓના લાભાર્થીઓએ તેમના પ્રતિભાવો અને સફળ ગાથા પણ રજુ કરી હતી. તો રાજ્યકક્ષાના કાર્યક્રમનુ જીવંત પ્રસારણ પણ ઉપસ્થિત મહાનુભાવો તથા લાભાર્થીઓએ નિહાળ્યુ હતુ.

જિલ્લાના તમામ વિભાગ દ્વારા કાર્યક્રમના સ્થળે આરોગ્ય જાગૃતિ, મતદાર જાગૃતિ, બેંક સહાય યોજના સહિત જુદી જુદી યોજનાઓની જાણકારી પ્રસ્તુત કરાઈ હતી.

કાર્યક્રમમા કલેકટર શ્રી ભાવિન પંડ્યા સહિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ.વિપિન ગર્ગ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશભાઇ જોષી, નાયબ વન સંરક્ષક શ્રી દિનેશભાઇ રબારી સહિતના પ્રશાસનિક અધિકારીઓ, ભાજપાના મહામંત્રી શ્રી હરિરામ સાવંત, શિક્ષણ સમિતિ અધ્યક્ષા શ્રીમતી નિલમ પટેલ, બાંધકામ સમિતિ અધ્યક્ષ શ્રી ચંદરભાઈ ગાવિત સહિતના પદાધિકારીઓ, હોદ્દેદારો સહિત ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓ, સ્થાનિક પ્રજાપ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર, ડાંગ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.